R. N. B. 53 RAHENAJAT.

# રાહેનજાત.

અલ્લાહો અકબર અલયકુમ વરહમતુલ્લાહ.

ઈલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
માળીયા (મીંયાણા)

લવાજમ વર્ષે હીંદુસ્તાનના રૂ.૫)
આફ્રીકાના રૂ. ૫ાા=

સહકારી પ્રગટ કરનાર



અધીપતી રાહેનજાત.

ભાવનગર-કાઠીયાવાડ.

ઈરનાઅશરી પ્રીન્ટીંગ

ઓખરા મેલખડો

જંગબારી હીરાના બટન અમારી પાસે મળે છે.

હિં. મેં છાપેગા ચોક યકીન કે જો ખુશાલીફાતહે=મિઅરેજે બેહિશ્તચેહે રાહેનજાત હે.

# લાકીટમાં કુરઆને શરીફ.

આ–ખુશનુમા મનહર કુરઆને શરીફ આખું હાશીયા સુદ્ધાં સોનેરી શાહીથી છપાએલ છે, પુઠું સોનેરી ફુલવેલનું અને ડબ્બી પીતળની સોનેરી ગીલ્ટીનીછે, કીંમત રૂ.૬) એજ સીફત પણ કાળી શાહીથી છાપેલું સોનેરીડબ્બી રૂ.૪ાા અને સફેત ડબ્બીના રૂ.૩ પો.જુદું. તથા સાદુ ડબ્બી વીનાનું તાવીજ તરીકે રાખવા રૂ. ૧ાાા પો. જુદું.

એક ઇંચ લાંબુ તથા પોણી ઇંચ પોહળું અને અરધી ઇંચથી ઓછું જાડું છે. આ ચીત્ર જેટલુંજ કદ છે.



અવીજ વેલફુલ કીનારી તથા હાંશીયો સોનેરી બનેલછે અને અવુંજ ખુશનુમા છે. છેડામાં પણ રખાય છે. અને તાવીજ તરીકે પણ ગળા કે હાથમાં બંધાય છે.



આવી ડબ્બી છે, વચમાં દુરબીન છે તેમાંથી ઝીણાં હરફ ઘણાં મોટા વંચાય છે.

ચમકતા લાલ અકીકના ઘડીયાળના છેડા રૂ.૨ાા

અકીક, ફીરોઝાની રૂપાની વીંટીયો માલ તેવા ભાવ.

# અબ્જેતાવીજેનું એકતાવીજ.

આ બન્ને જાતના તાવીજોમાં ખાસ ઇસમ, દોઆ, સુકી કલમથી લખવામાં આવેછે. કે તે વાંચીશકેનહીં, તેથી ઘણો સારો અસરથાયછે, તે ધ્યાનમાં રહે.

આ તાવીજથી ઘણા જણને ઘણો સારો ફાયદો થયો છે. પહેલા નંબરમાં બસણી અઢીગણી ભારે સારે ઊમદા દોઆછે રૂ.૫) બીજાનંબરમાં ધારા મુજબ જે દોઆ આપીએછીએ તેજછે, રૂ.૨ાા એ તાવીજ કાગળ ઉપર છાપેલનથી, પણ પરહેઝગાર દીનદારના હાથે હરણનીઝીણીચામડી ઉપર કસ્તુરીથી અરબીમાંખુશનુમાં લખાવેલુંછે.

તમામ બીમારીઓથી બચવા, જાદુ દુર થવા, જીન, પરીથી બચવા, કોલેરા અને પ્લેગથી અમાનમાં રહેવા, હમલને ખલલ ન પહોંચવા આપવા, બચ્ચાંઓને થતી બીમારીઓ, તેઓનું ભરાઇ જવું, અસણી વીં૦ દુરથવા, અને માલ ઇઝ્ઝતમાં વધારોથવા માટે આ તાવીજ બહુજ જલદી અસર અને ફાયદો કરનારછે. જમણે હાથેકેગળામાંમીણ વીંમાં પેક કરીને અથવા તાવીજમાં રાખીને બાંધવું, ખાસ કામ વખતે કે જાજરૂમાં જતી વખતેપાસે હોય તો હરકત નથી.

# હીદાયત ફંડ ડચકા ભરેછે.

## આપણી નાશુકરી આપણને નડી.

હદીસોથી સાબીત છે કે અલ્લાહ જ્યારે કોઇ નેઅમત આપે ત્યારે તેનો શુક્ર કરે તો તે નેઅમતમાં વધારો થાય છે, પણ જ્યારે નશુકરી કરે ત્યારે નેઅમત ચાલી જાય છે, તો આ હીદાયત ફંડ શરૂ કર્યું ત્યારે આપણે તેના શુક્ર તરીકે શાદી ગમીને ટાંકણે સારી રકમો નોંધાવતા છોકરા છોકરી-ઓને તાલીમ લેવા મોકલતા, અને તેથી માશીક પંદર રૂપીયાના ખરચથી વધીને ચારસો રૂપીયા માશીક ખરચવા લાગ્યા એટલી બરકત થઇ, તે વીસ વરસ સુધી ચાલ્યું.

**પણ** હાલ બેચાર વરસથી આડકત્રી રીતે તેને તોડી પાડવા કોશીશો થવા લાગી, અને કેળવણી કેળવણીની બુમો થવા લાગી, અને છોકરા રખેને પરીક્ષામાં પાસ નહીં થાય એ બીકથી કે બેદરકારીથી તેમને મદરેસે મોકલવા બંધ કરવા લાગ્યા, અને પાંચ સાત રૂપરડી જેટલી પણ મદદ કરવા બખીલી કરવા લાગ્યા, અને કેટલાંક ગામમાં બબે ત્રણ ત્રણ વખત મદરેસો જારી કર્યો પણ તે તરફ કાંઇ પણ ધ્યાન આપ્યું નહીં, અને અમુક શેઠીયા જે સેંકડો રૂપીયા આ ખાતામાં મોકલતા તે આને બદલે બીજા આથી ઉતરતા ખાતામાં મોકલવા લાગ્યા, ઓછામાં પુરૂં આફ્રીકા અને ખાસ કરીને માડા-ગાસ્કારમાં વેહપાર નબળા પડી ગયા, લડાઇએ ઘાણ વાળ્યો, વીગેરે કારણથી હીદાયત ફંડમાં માશીક આશરે પાંચ છસો રૂપીયા આવતા, તેના બદલે પાંચ છ આવે એવો વખત આવ્યો છે.

હીદાયત ફંડ તરફથી એવો ઠરાવ હાલમાંજ કરેલો કે જે જે ગામવાળા ઓછી મદદ આપે છે તેઓ ત્રીજા ભાગની મદદ આપો, પણ હવે તો થોડા મહીનામાં અરધી મદદ આપવાનું કહેવાની અમોને ફરજ થઇ પડશે. અને આમજ ચાલ્યુ તો એકાદ વરસમાં હીદાયત ફંડની તમામ મદદ બંધ કરવી પડશે.

કેમકે ફકત ચાર હજાર રૂપીઆ જમે છે, તેમાં મરહુમ જનાબ હાજી નુરમોહમ્મદભાઇ મેઘજીભાઇની બેન મરહુમા ફુલબાઇ તરફથી પંદરસો રૂપીયા જમે છે તે કાયમ રાખવાની શરતે છે ત્યારે બાકી પચીસસો રૂપીઆ રહયા, અને માસીક અઢીસોનો ખરચ છે, તો દસ મહીના એ રકમ પહોંચે એમછે.

બાકી પંદરસો કાયમ રાખવાના છે તેની ઉપજ દરબારી બેંકમાંથી મહીને આશરે પોણા છ રૂપીઆ આવશે. તે કોઇ મદરેસાને મદદ આપશું, આ આપણી નાશુકરીનો નતીજો છે, માટે જો કોમને આ ફંડ ચાલુ રાખવું હોય તો જલદી મદદ કરે, નહીંતો મરજી, વસ્સલામ.

ઈલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
...આમદાણી
માળીયા (મીયાણા)

આ ચીત્ર બાદશાહી તાજ છે, તેમાં [illegible] )સાથે બિસમીલ્લાહ પુરી ગોઠવી છે.

# રાજનેત



# માસીક ચોપાન્યું

કીતાબ ૩૨ મી. ) તા૦ ૧-લી માહે રજબ સન ૧૩૪૧ હી૦ ( હિસ્સો ૯-મો.

## રૂહ માટે સ્વાદીષ્ટ વાનીયો.

તુમ્હેં અગ્યારસે તશ્રીફ કબ હય અય શહેવાલા*
રસુલે પાક અપના જબ તુમ્હેં હમસર સમઝતે હંય*

અલીકા નામ શીઆહ અપને બચ્ચોંકો સીખાતે હૈં*
જવાં ઇસ નામકી કુવ્વતસે અકસર ફતહ પાતે હૈં*
મુસીન લબપર અલીકા નામ હર મુશ્કીલમેં લાતે હૈં*
ગરઝ કયા લુત્ફ સબ ખુર્દો કલાં ઉસ્સે ઉઠાતે હૈં*
અલીકા નામભી નામે ખુદા કયા રાહતે જાં હૈ*
અસાએ પીર હ, તેગે જવાં હૈ, હિર્ઝે તિફ્લાં હૈ*

ખુલાસો-હ૦ અલી અ૦નુ એવું મુબારક નામ છે કે તે ખુદાનું નામ છે, અને એ નામથી નાના, જવાન, તેમજ ઝઈફો ફાયદો મેળવે છે; ખરેખર એ મુબારક નામ જાનને રાહત આપનાર, ઝઈફ માટે લાકડી, જવાન મ ટે તલવાર, અને બાળકો માટે તાવીજ છે. અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદ વઆલે મોહમ્મદ.

## આવતા માહે શાઅબાનનું ઇસલામી પંચાંગ; સન ૧૩૪૧ હીજરી.

[ બાજ વખતે વહેલી મોડી દેખાય કે સાબીત થાય તે અમલ કરનારે હીસાબ કરવો. ]

### સવંત ૧૯૭૯ ના ચૈત્ર સુદ ૩ થી વઇશાખ સુદ ૧ સુધી.
### ઇસ્વીસન ૧૯૨૩ તા. ૨૦-મી માર્ચથી તા. ૧૭-મી એપ્રીલ સુધી.

| વાર | ઈંગ્રેજી તારીખ. | ગુજરાતી તારીખ. | ઇસલામી તારીખ. |
|---|---|---|---|
| ભોમ | ૨૦ | ૩ | ૧ |
| બુધ | ૨૧ | ૪ | ૨ |
| ગુરૂ | ૨૨ | ૫ | ૩ |
| શુક્રર | ૨૩ | ૬ | ૪ |
| શની | ૨૪ | ૭ | ૫ |
| રવી | ૨૫ | ૮ | ૬ |
| સોમ | ૨૬ | ૯ | ૭ |
| ભોમ | ૨૭ | ૧૦ | ૮ |
| બુધ | ૨૮ | ૧૧ | ૯ |
| ગુરૂ | ૨૯ | ૧૨ | ૧૦ |
| શુક્રર | ૩૦ | ૧૩ | ૧૧ |
| શની | ૩૧ | ૧૪ | ૧૨ |
| રવી | ૧ | ૧૫ | ૧૩ |
| સોમ | ૨ | ૧ | ૧૪ |
| ભોમ | ૩ | ૨ | ૧૫ |
| બુધ | ૪ | ૩ | ૧૬ |
| ગુરૂ | ૫ | ૪ | ૧૭ |
| શુક્રર | ૬ | ૫ ૬ | ૧૮ |
| શની | ૭ | ૭ | ૧૯ |
| રવી | ૮ | ૮ | ૨૦ |
| સોમ | ૯ | ૯ | ૨૧ |
| ભોમ | ૧૦ | ૧૦ | ૨૨ |
| બુધ | ૧૧ | ૧૧ | ૨૩ |
| ગુરૂ | ૧૨ | ૧૨ | ૨૪ |
| શુક્રર | ૧૩ | ૧૩ | ૨૫ |
| શની | ૧૪ | ૧૩ | ૨૬ |
| રવી | ૧૫ | ૧૪ | ૨૭ |
| સોમ | ૧૬ | ૩૦ | ૨૮ |
| ભોમ | ૧૭ | ૧ | ૨૯ |

### જાણવાજોગ બાબતો.

(૨) **આજેનવરોઝ** છે. તેનો વખત, અને ફળ વી૦ ગયા ૫-માં અંકમાં તફસીલથી દરજ કરેલછે તે જુઓ.

(૩) આજે હઝરતે ઇમામે હુસયન અલયહીસ્સલામની વીલાદત (જન્મ) છે.

**કમર દર અકરબ.** એટલે વીંછુડો તા૦ ૧૬ મીને બુધવારે સાંજે ચાર વાગે શરૂ થઇને તા૦ ૧૮ મીને શુક્રવારે રાત્રે આઠ વાગે ખલાસ થશે.

આ મહીનાની ૪-૨૦-૨૬મી તારીખ નહસે અકબર એટલે બહુજ ખરાબ છે.

આ મહીનામાં રોઝા રાખવાનો ઘણો સવાબ છે. હ૦ ઇમામે જાઅફરે સાદીક અ૦મે ફરમાવ્યું કે શાબાન મહીનામાં ૧ લી તારીખનો રોઝો રાખે તો બેહીસ્ત વાજીબ થાય, વધારે બયાન ખુલાસાથી "ઝાદુસ્સાલેહીન" બાર માસના અઅમાલની ગુજરાતી ભાષાની કીતાબમાં જુઓ. કીં. રૂ. ૨ પો. જુદું.

(૧૫) આજે **રાએ બરાઅત**છે, જાગવા અને ઇબાદત કરવાની રાતછે, અને આજે બારમા ઇમામ હઝરતે **મોહમ્મદ મ્હેદી** અલયહીસ્સલામની વીલાદત છે. આ મહીનામાં સલવાત અને ઇસ્તીગફાર પડવાનો ઘણો સવાબછે, ઝાદુલ મઆદમાં લખે છે કે હઝરતે રસુલેખુદા સ૦થી મનકુલ છે કે જે કોઇ આખા માહે શાઅબાનમાં આ દોઆ ૧૦૦૦ વખત પડે તો તેના અમલનામામાં ખુદા એકહજાર વરસની ઇબાદત લખે, અને એકહજાર વરસનાગુનાહ માફકરીઆપે, અને કબરમાંથી બાહેરનીકળે તેવખતે ચઉદમી રાતનાચંદ્ર જેવું મોઢું નુરાની હોય, અને તેને સીદીક લખે, દોઆ આ છે-**લાએલ્લાહ ઈલ્લલ્લાહો વલા નઅંબોદો ઈલ્લા ઈય્યાહો** તેજ અલ્લાહ એકજ છે, અમો ખાસ તેનીજ બાદત **મુખ્લેસીન લહુદ્દીન વલવ કરેહલ મુશરેકુન.** ખાલીસ દીનની રૂએ કરીએ છીએ અગરચે મુશરીકો અણગમો રાખે. એ શીવાય બીજી કેટલીક દોઆ વી૦ પડવાની છે.

આ મહીનામા પડવાની ઝીયારત. દોઆ નમાઝ, અને કરવાના અઅમાલ વીગેરે ખુલાસાથી 'ઝાદુસ્સાલહીન' નામની બાર મહીનાના અઅમાલની કીતાબમાં જુઓ, ન હોયતો મંગાવો, સળંગ છીટનું પુંઠું રૂ. ૨ પો.જુદું.

# ચદુલ્લાહ

શાહે મર્દાં
શેરે ચઝદાં
કુવ્વતે પર-
વર દીગાર



લાફતા
ઈલ્લા અલી
લાસૈફ ઈલ્લા
ઝુલ્ફકાર.

## માઅરેફતે અઈમ્મહ. (૪૧)

### માઅરેફતે અઈમ્મહ કેવી રીતે રાખવી, તે વીશે જ૦ સલમાને ફારસી, અને જનાબ અબુઝરે ગફફા-રીએ હ૦ અલી અ૦ને પુછવું, અને આપે તેનો ખુલાસાથી જવાબ આપવો.

આજ કુછ લીખના હય મુજહકો મદહે આલે મુસ્તુફા,
દે કરમસે અપને યા રબ તબએ સુબહાની મુજહે*
સાકીયા ભર ભરકે દે વોહ જામે ઇરફાની મુજહે,
તા અબદ હાસીલ હો જીસસે કયફે ઈમાની મુજહે*
કહકે તિબ્તુમ ફદખોલુહા ખુલ્દમેં લેજાએગી,
બાનીએ દીને મોહમ્મદકી સનાખ્વાની મુજહે*;

ઈરાનમાં છપાએલી ફારસી કીતાબ "બયતુલઅહઝાન"માં બેહારૂલ અનવારને આધારે લખે છે કે એક દીવસ અબુઝરે ગફફારી, કે તેમનું નામ

* એ અશઆરનો મતલબ એ કે કોઇ અહલેબયત અ૦ની માઅરેફતમાં લીન થએલ શાએર કહે છે કે આજે આલે મુસ્તફા સ૦ની તાઅરીફ મારે લખવી છે, માટે હે રબ મારામગજમાંથી બહુજ પાકીઝા બાબતો બાહેર આવે: અને એ પીવરાવનાર (માઅરેફતના એવા જામ પીવરાવ કે તેથી ઇમાનનો કેફ એવો આવે કે હમેશા સુધી બાકી રહે, અને અહલેબયત અ૦ની તારીફ લખવાથી કયામતમાં શાબાશી અને મુબારકી આપીને જન્નતમાં લઇ જશે.

"જુન્દુબ" છે, તેમણે જ૦ સલમાને ફારસીને કહયુ કે ઓ સલમાન જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ને નુરાનીય્યતની સાથે કેવી રીતે ઓળખીને તેમની માઅરેફત મેળવવી જોઇએ ? !

જ૦. સલમાને જવાબ આપ્યો કે ઓ જુન્દુબ ચાલો આપણે એ જનાબની ખીદમતમાં જઇએ અને એ વીશે તેમને પુછીને વાકીફ થઇએ.

જુન્દુબ કહે છે કે અમો બંને એ હઝરતને ત્યાં ગયા પણ આપ બાહેર ગયા હતા, તેથી અમો રાહ જોઇને એટલે સુધી બેઠા કે આપ તશરીફ લાવ્યા.

**હ૦અલીઅ૦**=તમો બંને શામાટે અહીંયા આવ્યા છો?

**એબન્ને**=આપ સાહેબની નુરાનીય્યત સાથે માઅરેફત કેવી રીતે મેળવવી તે જાણવા માટે આવ્યા છીએ.

**હ૦અલીઅ૦**=આ એવા બે દોસ્તો કે આપસમાં તમોએ અહદ કર્યો છે કે દીન અને માઅરેફતને મજબુત રીતે મેળવવી, અને તમો જ્યારે અવી કોશીશથી માઅરેફત મેળવશો તો તમોએ તમારી ફરજ અદા કરી કેહવાશે, માટે તમોને શાબાશી આપુ છું, અને કહું છું કે નુરાનીય્યતની સાથે મારી માઅરેફત મેળવવી તમામ મરદો અને બાનુઓ ઉપર વાજીબ છે, ઓ સલમાન ! અને ઓ જુન્દુબ ! (સાંભળો.)

**એબન્ને**=યા અમીરલ મોઅમેનીન "લબ્બયક" (જી અમો સાંભળીયે છીએ)

**હ૦ અલી અ૦**=જ્યાં સુધી ઇન્સાન મને નુરાનીય્યતની કુનેહની સાથે નહીં ઓળખે ત્યાંસુધી તેનું ઈમાન કામીલ નહીં થાય, જેણે મને એવી માઅરેફતથી ઓળખ્યો તો જાણોકે તેના દીલનું ઈમ્તેહાન ખુદાએ લીધું, (અને તે તેમાં પાસ થયો.) તેના સીનાને ઇસ્લામ માટે ખોલ્યો, અને તેથી તે દેખતો થયો, અને અમો અહલેબયતની માઅરેફત તેણે મેળવી, પણ જેમણે અટલી માઅરેફત મેળવવામાં સુસ્તી કરી તેઓ શક કરનારાઓમાંથી છે, ઓ સલમાન ! અને ઓ જુન્દુબ ! (સાંભળો)

**એ બન્ને**=યા અમીરલ મોઅમેનીન "લબ્બયક" (જી સાંભળીયે છીએ)

**હ૦અલીઅ૦**=મ્હારી માઅરેફત નુરાનીયતથી તે ખુદાની માઅરેફત છે (એટલે મને ઓળખે તો ખુદાને પણ ઓળખે.) અને ખુદાની માઅરેફત તે મ્હારી માઅરેફત નુરાનીય્યતની સાથે છે, (એટલે ખુદાને ઓળખે તો મને પણ ઓળખશે.) ખુદાએ કુર્આનમાં ખાલીસ દીન માટે ફરમાવ્યું છે કે "વમા-ઓમેરૂ"થી "દીનુલકય્યેમહ" સુધી (મતલબ એકે) તેઓ લોકોને કાંઇ હુકમ આપવામાં આવ્યો નથી પણ એજકે દીનમાં ખાલીસ રીતે અલ્લાહની ઇબાદત કરે કે તે સીધી રીતે હોય, અને નમાઝ પડે અને ઝકાત આપે અને એજ

પાકો દીન છે, [એની તાવીલ આપ ફરમાવે છે કે] લોકોને હ૦ મોહમ્મદ સ૦ની નોબુવ્વત માન્ય રાખવાનો હુકમ થયો છે કે તે બાતીલથી ફરીને હક તરફ આવવાનું છે, અને એજ દીન હકછે અને એ દીન આસાનછે, અને નમાઝ પડવાનો જે હુકમ છે તે બરાબર છે પણ બાતીનમાં એના અર્થ એ થાયછે કે મ્હારી વીલાયતને કાયમ રાખો, માટે જે કોઇ મ્હારી વીલાયતને માન્ય રાખશે અને મને હકીકી વલીયુલ્લાહ જાણશે તોજ તેણે નમાઝને અદા કરી ગણાશે, અને મારી વીલાયતનો હક માન્ય રાખવો બહુજ મુશ્કીલમાં મુશ્કીલછે, કેમકે એ મ્હારી વીલાયત એજ માન્ય રાખીને મુસ્તકીમ રહે છે કે જે માનવંતો મલાએક હોય, અથવા નબીએ મુરસલ હોય, અથવા એવો મોઅમીન હોય કે જેનું દિલ ખુદાએ ઇમાન વીશે લીધેલા ઇમતેહાનમાં પાસ થએલ હોય, અગર માનવંતો મલાએક ન હોય, તેમજ મુરસલ પયગમ્બર ન હોય, અને એ ઇમ્તેહાનમાં પાસ થએલ મોઅમીન ન હોય, તો તે મારી વીલાયતને કોઇ રીતે ઉપાડી શકતોજ નથી!

**સલમાન**=યા અમીરલ મોઅમેનીન અ૦ એવો મોઅમીન કોણ છે? અને ઇમાનનો છેલ્લો દરજ્જો કયો છે. અને એ ઇમાનની કેવી કેવી નીશાનીયો છે તે બયાન ફરમાવો કે તેથી અમો તેને ઓળખીએ.

**હ૦ અલીઅ૦**=અય સલમાન ઇમ્તેહાનમાં પાસ થએલ મોઅમીન એ છે કે ઇમામતના અહકામ અને વીલાયત વીશે જે કાંઈ હુકમ કરવામાં આવે ત્યારે તે કાંઇપણ આનાકાની વિના કબુલ કરે, અને તે માટે ખુદા તેના સીનાને પગતો કરે છે, અને એ કબુલ કરવાની કાબેલીયત અતા ફરમાવે છે, અને તેને તેમાં કાંઇ પણ શક આવતો નથી તેમજ ફરેબમાં ફંસાતો નથી, અને અય અબાઝર હું ખુદાનો બંદો અને તેના બંદાઓ ઉપર તેનો ઇમામ છું, અને તમો અમો અહલેબયતને ખુદા ઠેહરાવશો નહીં, બાકી અમારી ફઝીલત માટે તમારી જે મરજી પડે તે કહેશો, કેમકે અમારી માઅરેફતની કુનેહને તમો પહોંચી શકનાર નથી, અમારા ફઝાએલને સંપુર્ણ તમો જાણી શકતા નથી, ખરેખર ખુદાએ અઝ્ઝોજલ્લે અમોને એવી ફઝીલતો અને અઝીમ મરતબા અતા ફરમાવેલછે કે તેની તાઅરીફ તમારામાંનો કોઇ પણ કરી શકે તેમ નથી, એટલુંજ નહીં પણ અમારી તાઅરીફ વિશે તમો દીલમાં ખ્યાલ પણ કરી શકતા નથી, માટે જ્યારે તમો સમજો કે અમોને જે પ્રમાણે ઓળખવાનો હક છે તેપ્રમાણે ઓળખી શકતા નથી ત્યારેજ તમો મોઅમેનીન ગણાશો.

**સલમાન**=અય બીરાદરે હ૦ રસુલેખુદા સ૦ જે કોઇ નમાઝ પડે તો તેણે આપની વિલાયત માન્ય રાખી ગણાય કે નહી?

હ૦અલીઅ૦=અય સલમાન એમજ છે પણ તે વિશે સમજો કે ખુદાએ કુર્આનમાં ફરમાવ્યું છે કે-"**વસ્તઇનૂ બિસ્સબરે વસ્સલાતે**" (છેલ્લે સુધી) (એટલે તમો સબર અને નમાઝ થકી મદદ ચાહો, ખરેખર નમાઝ બહુજ બુઝુરગ અને ભારે છે, પણ નમ્રતા કરનાર માટે આસાન છે,) તો એ સબરથી મુરાદ હ૦ રસુલેખુદા સ૦ છે, અને નમાઝથી મુરાદ મારી વીલાયત છે, તો મારી વીલાયતને માન્ય રાખવી એ બહુજ ભારે બાબત છે, પણ જેઓ હક ઉપર રહે એમના માટે આસાન છે, તો જુઓ ખુદાએ રીસાલત અને વીલાયત બંનેને માન્ય રાખવાનુ મુશ્કીલ ફરમાવ્યું નથી, પણ વીલાયત કબુલ કરવા માટે મુશ્કીલ ફરમાવ્યું છે, અને નમ્રતા કરનારથી મુરાદ અમારા એ શીઆહઓ મુરાદ છે કે જેઓ અમારા મરતબાની માઅરેફત ધરાવે, છે અને રીસાલત વીશે જાણો કે જેઓ બાતીલ બોલનારા જેમકે "**મરજીય્યહ, કદરીય્યહ, ખારજીયો,** અને **નાસબીયો**," વિગેરે પણ હ૦રસુલેખુદાસ૦ની નોબુવ્વત અને રીસાલતને માન્ય રાખે છે, અને તે વિશે તેઓ મતભેદ ધરાવતા નથી, પણ તેઓમાં મતભેદ છે તે માહરી વીલાયત માટે છે, તો એ લોકો મારી વીલાયતના ઇનકાર કરનારા છે, આ મખલુકાતમાંથી એવા થોડા છે કે જેઓ મારી વીલાયતને માન્ય રાખે છે, અને તેમનીજ ખુદાએ કુરઆનમાં તાઅરીફ કરી છે, અને તેઓને મ્હારી વીલાયત માન્ય રાખવામાં મુશ્કેલી નથી.

પછી આપે ફરમાવ્યું કે ઓ સલમાન અને ઓ અબુઝર જનાબે અકદસે ઇલાહીએ બીજી જગ્યોએ કુરઆનમાં હ૦ મોહમ્મદ સ૦ની નોબુવ્વત અને માહરી વીલાયત વીશે ફરમાવ્યું છે કે-"**વબેઅરીમ મોઅત્તલાહ, વકસરિમ્મશીદ.**" (મીઠા પાણીનો કુવો કે જે અવાવરો પડયો છે, અને બહુજ મજબુત મહેલ) તો એ મજબુત મહેલથી મુરાદ હ૦ મોહમ્મદ સ૦ છે, કે તેમની નોબુવ્વતને તમામ ઉમ્મતે માન્ય રાખેલ છે, અને તે વીશે મતભેદ રાખતા નથી; અને એ મીઠા પાણીનો કુવો કે જે અવાવરો પડયો છે તેથી મુરાદ માહરી વીલાયત છે, કે તેને એમજ મુકી આપેલ છે અને તેનાથી ઇન્કાર કરે છે, તો જાણો કે જેઓ મારી વીલાયતનો ઇકરાર નહીં કરે તેમને હ૦ મોહમ્મદ સ૦ની નોબુવ્વતનો ઇકરાર કાંઇ પણ કામ આવશે નહીં, કેમકે નોબુવ્વત અને ઇમામત બન્ને બન્નેઓમાં સમાન છે; અને તે બંને એકજ છે; કેમકે જનાબે પયગમ્બરે ખુદા સ૦ ખલ્કના પેશવા છે, અને હું અલી ઇબ્નેઅબીતાલેબ પણ તેઓ પછી તેમનો વસી અને ખલ્કનો પેશવા છું; એ જનાબે માહરા હકમાં ફરમાવ્યું છે કે-"**અન્ત મીન્ની બેમન્ઝેલતે હારૂન મીમ્મુસા, ઇલ્લા અન્નહુ લાનબીય્ય બાઅદી,**" (એટલે યા અલી તમારો મરતબો અને દરજ્જો મહારી

પાસે એવો છે કે જેઓ હ૦ મુસા અ૦ પાસે હ૦હારૂન અ૦નો હતો, પણ ફરક એટલો છે કે મારી પછી પયગમ્બરી નથી,) એ શીવાય એ જનાબે ફરમાવ્યું છે કે અમારામાંના પહેલા મોહમ્મદ [સ૦]છે, અને વચલા પણ મોહમ્મદ સ૦ છે, અને છેલ્લા પણ મોહમ્મદ સ૦ છે, અને જે કોઇ મ્હારી માઅરેફત કામીલ મેળવે તો તે શખસ દીનમાં મજબુત છે, અને તેથી ખુદાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે-"ઝાલેક દીનુલ કય્યેમાહ," (આ એજ મજબુત દીનછે.)

પછી આપે ફરમાવ્યુ કે અય સલમાન અને અય જુન્દુબ (સાંભળો.) એબન્ને ત્યા અમીરલ મોઅમેનીન લબ્બયક (જી. સાંભળીયે છીએ.)

હ૦અલીઅ૦=હું અને હ૦ મોહમ્મદ સ૦ ખુદાના નુરમાંના એક નુર હતા, પછી ખુદાએ તબારકો તઆલાએ એ નુરને અમર કર્યો કે બેભાગ થઇ જાઓ! પછી અરધા ભાગને ફરમાવ્યું કે મોહમ્મદ થઇજા! અને બીજા અરધા ભાગને ફરમાવ્યુ કે અલી થઇજા! તેથી એ પ્રમાણે અમો બંને થયા, તો એજ કારણથી જનાબે પયગમ્બર સ૦મે ફરમાવ્યું છે કે અલી મ્હારાથી છે અને હું અલીથી છું, અને મ્હારા અહકામ ખલ્કને અલી સીવાઇ કોઈ પણ પહોંચાડી શકે તેમ નથી, જુઓને હ૦ રસુલે ખુદાએ પહેલાં (ખલીફા) ને બરાતનો સુરો લઇને મકકા વાળાઓને સંભળાવા મોકલ્યા, ત્યાં જીબ્રઇલે આવીને અરજ કરીકે ખુદા ફરમાવેછે કે એ સુરો મકકા વાળાઓ પાસે તમો લઇ જાઓ, અથવા એ શખસ લઇ જાય કે જે તમારામાંથી હોય, તેથી એ હઝરતે મને મોકલ્યો અને (રસ્તામાંથી)તેમને પાછા મોકલીને હું ગયો, તેમણે પાછા આવીને નારાજ થઇને અરજ કરીકે યા રસુલુલ્લાહ (સ૦) આનું શું કારણછે? આપે ફરમાવ્યુ કે મ્હારી અને ઉમ્મત વચ્ચે અલી શીવાય બીજા કોઇનો વાસ્તો જોઇએ નહીં; તો અય સલમાન અને અય જુન્દુબ જેમને એક સુરો લઇ જવાનો હક ન હોય તે કેવી રીતે ખલીફા થઇ શકે?

અય સલમાન અને અય જુન્દુબ ખુદાની પાસે હું તથા હ૦ રસુલેખુદા સ૦ એક નુર હતા તેમાંના એક ભાગથી મોહમ્મદ સ૦ને બનાવ્યા અને બીજા ભાગથી હું અલીએ મુરતુઝાને બનાવ્યો, અને મને તેમનો વસી કર્યો, અને એ જનાબ બોલનારા થયા, અને હું સાંભળનારો થયો, અને જરૂર છે કે દરેક જમાનામાં એક બોલનાર અને એક સાંભળનાર હોય, અય સલમાન ખુદાએ તઆલાએ ફરમાવ્યુ છે કે-"ઇન્નમા અન્ત મુનઝીર વલેકુલ્લે કવમીન હાદ," (બીજું કાંઈ નથી પણ તું ડરાવનાર અને (તે) દરેક કોમને હીદાયત કરનાર છે,) તો હ૦ મોહમ્મદ સ૦ લોકોને ડરાવનારછે, અને હું હીદાયત કરનાર છું, અને હ૦ મોહમ્મદ સ૦ પોંહચાડનારછે અને હું ફેલાવનાર છું, અને અમો

બન્ને જન્નત અને જહન્નમને ખુદાના હુકમથી વહેંચવાવાળા છીએ, હું કયામતને દીવસે જહન્નમની આગને કહીશ કે આ શખસને લે અને તે શખસને મુકી આપ તો તે કહીશ તેને પકડી લેશે, અને જેને કહીશ તેનેમુકી દેશે અને તે બેહીશ્તમાં દાખલ થશે, અને હ૦ મોહમ્મદ સ૦ ઝલઝલા અને જંગના માલીક છે, અને હું સુફફનો અને લવહે મહફુઝનો માલીક છું, અને ખુદાએ તઆલાએ મને ઓલુમ (ઘણાઈલમ) ઇલહામ કર્યાછે.

અય સલમાન અને અય જુન્દુબ, હ૦મોહમ્મદસ૦ને યાસીન, નુન, વલકલમ, તાહા, અને સાહેબે વીલાયત કર્યા, અને મને મોઅજીઝા વાળો અને આયતો વાળો બનાવ્યો, હ૦ મોહમ્મદ સ૦ને ખાતેમુન્નબીય્યીન બનાવ્યા, અને મને ખાતેમુલ વસીય્યીન બનાવ્યો, હું સેરાતે મુસ્તકીમ છું, હું નબએ અઝીમ છું, (ભારે ખબર ) અને એ અલ્લાહ તરફની ભારે ખબર કોણછે તે વીશે લોકોએ મત ભેદ કર્યોછે, અને તે મત ભેદ મારી વીલાયતમાં કર્યોછે, હ૦ મોહમ્મદ સ૦ને ખલ્કતને ખુદા તરફ દાઅવત આપનાર બનાવ્યા, અને મને શમશીર અને ઝુલ્ફકાર વાળો બનાવ્યો, હ૦ મોહમ્મદ સ૦ને પયગમબરે મુરસલ બનાવ્યા અને મને અમર અને હુકમનો સાહેબ બનાવ્યો.

અને ખુદાએ પોતાના કલામમાં ફરમાવ્યું છે કે-"યુલ્કીર્રૂહ મિન અમ્રેહી અલામંય્યશાઓ મિન્એબાદેહી," (એટલે અલ્લાહ તઆલા પોતાની "રૂહેકોદ્દોસ" પોતાના બંદાઓમાંથી જે બંદાને ઈનાયત કરવા ચાહે તેમાં દાખલ કરેછે) તો એ "રૂહેકોદ્દોસ"ને ખુદાએ તઆલા કોઇને આપતો નથી; પણ માનવંતા મલાએકાને અથવા મુરસલ નબીને, અથવા માનવંતા ઈમામને આપેછે, તો અલ્લાહ તઆલા જેને એ "રૂહેકોદ્દોસ" અતા ફરમાવે છે, (અસલ કીતાબની ફારસી ઇબારત આ છે) "પસ બતહકીકકે 'જુદા ફરમૂદેહ અસ્ત ઊરા અઝખલ્ક" [એટલે તો તહકીકકે તેને ખલ્કતથી જુદા કરેલ છે, અને તેને એવી મહાન કુદરત અતા ફરમાવેલ છે કે તેથી તે મુરદાને સજીવન કરે છે, અને તેજ કારણથી ભુત અને ભવીષ્યની બાબતો જાણે છે; અને એજ સબબથી પુર્વથી પશ્ચીમસુધી એક આંખ મીચકારામાં જઈ શકે છે, અને લોકોના દીલમાં જે કાંઈ છે તેથી માહીતગાર થાયછે, એટલુંજ નહીં પણ જે કાંઈ આસમાનો અને જમીનોમાંછે તેને પણ જાણેછે.

ઓ સલમાન! અને ઓ જુન્દુબ! ખુદાએ હ૦ મોહમ્મદ સ૦ને કુરઆનમાં "ઝિક્ર"ફરમાવેલ છે, [એમ ફરમાવીને 'ઝિકરર રસુલા'વાળી આયત સંભળાવી] અને મને ખુદાએ અજલ અને બલાઓ, અને જે કાંઇ હક અને બાતીલમાં ફરક છે તે ઇલ્મ અતા ફરમાવેલ છે, તેમજ મને કુર્આનનું ઇલ્મ

સોંપ્યું છે, એટલુંજ નહીં પણ કયામતસુધી જે કાંઇ થનાર છે તે પણ મને રોશન કરેલ છે; હ૦ મોહમ્મદ સ૦ને ખુદાએ પોતાની હુજ્જત કાયમ કરવાનું સોંપ્યું, અને મને હુજ્જતે ખુદા કર્યો, અને ખુદાએ મને કેટલીક ચીજો એવી અતા કરી છે કે તમામ અવ્વલના અને તમામ આખરનામાંથી કોઇ એકને પણ અતા કરેલ નથી, એટલેસુધી કે મુરસલ નબીને કે મુકર્રબ મલકને પણ અતા કરેલ નથી.

હ૦અલીઅ૦=ઓ સલમાન ! અને ઓ જુન્દુબ ! [સાંભળો.]

એબન્ને=યા અમીરલ મોઅમેનીન લબ્બય (જી. સાંભળીયે છીએ,)

હ૦અલીઅ૦=હું એ છું કે ખુદાએ તઆલાના હુકમથી મેં હ૦મુસાને દરિયામાંથી પાર ઉતાર્યા, તેમજ ખુદાના હુકમથી હ૦ ઇબ્રાહીમ અ૦ને આગમાંથી બાહેર કાઢયા; (એ પછી ખુદાના હુકમથી જે જે કામ કર્યાં તેમાંના કેટલાંક બયાન ફરમાવ્યા) પછી ફરમાવ્યું કે હું હઝરતે મુસા; હ૦ સુલેમાન ઇત્યાદીનો ઉસ્તાદ છું.

ઓ સલમાન! અને ઓ જુન્દુબ! હ૦ મોહમ્મદ સ૦થી હું છું, અને તેઓ મારાથી છે, અને ખુદાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે-**મરજલ બહરયને યલતકેયાન બયનહોમા બર્ઝખુન લાયબગેયાન;"** (એટલે બન્ને દર્યા એક બીજાની સાથે મળ્યા, અને તે બન્નેમાં અટકાયત છે, કે એક બીજાથી વધી ન જાય) તે એક દર્યો નોબુવ્વતનો છે, બીજો દર્યો વીલાયત (ઇમામત)નો છે; જોકે તે એક બીજાથી મળ્યા છે, પણ કુદરતે ખુદા વચમાં અટકાયત છે, કે એક બીજો ઓળખાઇ ન શકે તેમ થાય નહીં.

હ૦અલીઅ૦=ઓ સલમાન ! ઓ જુન્દુબ ! (સાંભળો)

એબન્ને=યા અમીરલ મોઅમેનીન 'લબ્બયક' (જી. સાંભળીએ છીએ) અમો અહલેબયત ગુજરી જઈએ તે મુરદા નથી; અને અમારામાંથી ગાએબ તે હરગીઝ ગાએબ નથી.

ઓ સલમાન ! ઓ જુન્દુબ ! દરેક મોઅમીન મરદ; અને દરેક મોઅમેના બાનૂ જે ગુજરી ગયા અને થશે એ સર્વેનો હું અમીર છું, ખુદાએ રૂહેકોદોસ થકી મારી મદદ કરીછે; અઝમત એજ છે; ---- શીવાય બીજી નથી કે હું ખુદાનો બંદો છું, માટે ખુદા કહેશોનહી પણ મારી ફઝીલત માટે જુવે તે કેહશો.* છતાં ખુદાએ

* અહલેબયત અ૦ ફરમાવે છે કે અમોને ખુદા શીવાય જુવે તે કહેશો. તો તેનો મતલબ એ છે કે અમોને અમારા મરતબા મુજબ કહો, એટલે હ૦ મોહમ્મદ સ૦ને અમારાથી અફઝલ જાણો. બાકી જે જે બાબતોમાં તેમની સાથે મુસાવી છીએ તે જાણો. આના અર્થ કોઇ એમ કરે કે ખુદા શીવાય જુવે તે કહો એટલે હ૦ અલી અ૦ને નબી પણ કહો એ જાએઝ નથી.

જે ફઝીલત આપી છે તેની કુનેહને તમો પહોંચી શકશો નહીં, તેમનાં દસમાં ભાગને પણ જાણી નહીં શકો; કેમકે અમો 'આયાતુલ્લાહ' દલાએલે ખુદા; હુજ્જતેખુદા, અને તેના તરફથી ખલીફા છીએ, તેના અમીન છીએ, તેના હુકમથી ઇમામો છીએ, વજહુલ્લાહ; અયનુલ્લાહ; લેસાનુલ્લાહ છીએ; અમારા કારણેજ ખુદા પોતાના બંદાઓ ઉપર અઝાબ કરે છે. અને અમારાજ કારણે ખુદા પોતાના બંદાઓને સવાબ અતા ફરમાવે છે; ખુદાએ ખલકતમાંથી અમોને જાહેર કર્યા; અમોને માનવંતા બનાવ્યા. અને કોઇ પુછનાર પુછે કે શા માટે તમોને માનવંતા કર્યા ?! તો તે પુછવાની સત્તા કોઇને નથી, તે સર્વેનો ધણી છે, તેને બેહતર લાગે તેમ કરે છે; તેના કામમાં એઅતેરાઝ કરવાથી ઇનસાન કાફ્ર અને મુશરીક થઇ જાય છે; અલબત તેને હક છે કે તે સર્વેને પુછે.

હ૦અલીઅ૦=ઓ સલમાન ! ઓ જુન્દુબ ! (સાંભળો)

એબંને=યા અમીરલ મોઅમેનીન લબ્બયક (જી. સાંભળીયે છીએ.)

હ૦અલીઅ૦=મેં જે કાંઈ કહ્યું અને જે કાંઇ બયાન કર્યું: અને તેની તફસીર કરી; અને ખુલાસો જાહેર કર્યો અને ખોલીને સાફ સાફ જણાવ્યુ અને દલીલો નુરાની કરીને બતાવી; તે સરવે ઉપર જે કોઈ ઇમાન લાવે, અને તેને સત્ય કરીને માને તો તે શખસ એવો મોઅમિન છે કે ખુદાએ તેના દીલનું ઇમ્તેહાન લીધું તેમાં તે પાસ થયો; અને તેના સીનાને ઇમાન માટે પહોળો કર્યો, અને તે આરીફ [માઅરેફતવાળો] કહેવાશે, કે તે ઇમાનની હદે પહોંચ્યો છે; અને કામીલ થયો છે.

મેં જે કંઇ કહ્યું તેમાં કોઇ શક કરે; અને એનાદ (અવળાઇ) કરે અને ઇન્કાર કરે; અને તવક્કુફ કરે (ચુપ રહે હા-ના-કાંઇ ન કહે.) અને વીચારમાં પડે અને પોતાને શકમાં નાખે; તો તે તકસીર કરનાર અને નાસબી (દુશ્મન)થશે.

હ૦અલીઅ૦=ઓ સલમાન ! ઓ જુન્દુબ ! (સાંભળો.)

એબંને=યા અમીરલ મોઅમેનીન લબ્બયક (જી. સાંભળીયે છીએ.)

હ૦અલીઅ૦=હું ખુદાએ તઆલાના ફરમાનથી મુરદાને સજીવન કરૂં છું; અને મારી શકુંછું; અને તમો જે કાંઇ ખાઓ છો; અને પોતાના ઘરમાં સંગ્રહ કરોછો; તે ખુદાની રજાથી હું કહી શકુંછું. તમારા દીલમાં શું છે તે પણ હું જાણુંછું. તેમજ મારી અવલાદના ઇમામો પણ મારી જેમ એ બાબતે જાણે છે, અને જે કાંઇ હું કરી શકુંછું; તે તે પણ કરી શકેછે કેમકે અમો એકજ છીએ અમારા પહેલા મોહમ્મદ સ૦ છે વચલા મોહમ્મદ સ૦ છે; છેલ્લા મોહમ્મદ સ૦ છે, અમો તમામ મોહમ્મદ સ૦ છીએ, અમારામાં જુદાઇ રાખશો નહીં; અમો જયારે જે ચાહીયે છીએ ત્યારે જાણો કે તે ખુદાએ ચાહ્યું છે. અને જેનાથી અણગમો રાખીએ છીએ તેનાથી ખુદા અણગમો રાખે છે.

ઈલ્મ રોશનાર
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
માળીયા (મીંયાણા)
૯૯૨

ખુદાએ અમોને જે ફઝીલતો અતા ફરમાવી છે, અને જે ખાસ બાબતો અમારા માટે છે અને તેણે અમોને અતા ફરમાવેલ છે તે ફઝાએલમાંની એક ફઝીલતનો પણ ઈન્કાર કરે તેના ઉપર વાય અને તમામ વાય છે! અનેઅમારા ફઝાએલનો ઇનકાર કરનાર ખુદાએ અઝ્ઝોજલની કુદરતનો તથા અમારા માટે તેની મશીયતથી જે કાંઇ નિર્માણ થયું છે તેનો ઇન્કાર કરનાર છે.

હ૦અલીઅ૦= ઓ સલમાન! અને ઓ જુન્દુબ! (સાંભળો)

બન્ને= યા અમીરલ મોઅમેનીન "લબ્બયક" (જી. સાંભળીએ છીએ.)

હ૦અલીઅ૦=હકીકકે ખુદાએ તઆલાએ તમોને સર્વેને જે કાંઇ આપ્યું છે તે તમામથી બહુજ અઝીમ અને બુઝર્ગ કેટલીક ચીજ અમોને અતા ફરમાવીછે.

બન્ને=યા મવલા એ શું ચીજ આપને સર્વેથી બહુજ અઝીમ અને બહુજ બુઝુર્ગ અતા ફરમાવીછે?

હ૦અલીઅ૦=અલ્લાહ તઆલાએ અમોને એવું "ઇસમ" અતા ફરમાવ્યું, અને તઅલીમ કર્યું છે કે અગર ચાહીએ કે તે થકી આસમાનો અને જમીન જન્નત તથા જહન્નમમાં તે થકી રસ્તો કરીએ; અને એ ઇસ્મના સબબથી આસમાનોની ઉપર જઇએ, અને જમીનની અંદર જઇએ. તેમજ પુર્વમાં જઇએ, પશ્ચીમમાં જઇએ અને એ ઇસ્મ થકી અલ્લાહની અઝમતના અર્ષ ઉપર જઈને બેસીએ, અને પરવરદીગારની કુદરતથી તમામ મખલુકાત એટલે સુધી કે આસમાનો અને જમીન: સુર્ય અને ચંદ્ર. પહાડ અને ઝાડ, નદીયો અને દર્યા, જન્નત અને જહન્નમ અમારી ફરમાંબરદારી કરે છે, અને એ સર્વે એના કારણે છે કે પરવરદીગારે અમોને "ઇસ્મે **અઅઝમ**". અતા ફરમાવેલ છે; અને તે ખાસ અમારામાટેજ આપેલ છે; અને એ તમામ છતાં અમો ખાણું ખાઇએ છીએ; પીણું પીઇએ છીએ; બજારોમાં જઇએ છીએ;અને એ પણ અમો અમારી મરજીથી કરતા નથી, તે પણ પરવરદીગારના અમરથી કરીએ છીએ, અમો તેના ખાસ માનવંતા બંદા છીએ. તેના ફરમાનથી લેશ માત્ર પણ અમોએ વીરૂધ વરતેલ નથી, અમો જે કાંઇ કરીએ છીએ તે તેનાજ ફરમાનથી કરીએ છીએ, અલ્લાહ તઆલાએ પોતાના એહસાન અને ફઝલથી જે કાંઇ અમોને અતા ફરમાવ્યું છે તેનો જે કોઇ ઇન્કાર કરે તે કાફર છે, અને તેના માટે અઝાબ તય્યાર છે.

હ૦અલીઅ૦=ઓ સલમાન! અને ઓ જુન્દુબ! મારી માઅરેફત નુરાનીયતની સાથે મેળવીને જે પ્રમાણે મને ઓળખવો જોઇએ તે મેં (ઉપરમુજબ)

બયાન કર્યું તે મુજબ છે, માટે એ મુજબ અમારી માઅરેફત મેળવીને અમારો દામન પકડો તોજ નેકબખ્તી અને હિદાયત પામશો; તહકીક એ છે કે જ્યાંસુધી અવી રીતે નુરાનીયત સાથેની અમારી માઅરેફત અમારા શીઆહ નહી મેળવે ત્યાંસુધી કોઇપણ અમોને ઓળખવાનુ નુર મેળવી શકશે નહી. અને જ્યારે એ મુજબ નુરાંનીયતની સાથે અમારી માઅરેફત મેળવશે ત્યારે દીનમાં પરવીણ થશે અને તેજ વખતે કમાલ દરજે પહોંચ્યો ગણાશે, અને એવો થશે કે ઇલમના દરિયામાં તેણે ગોતો માર્યો, અને ફઝીલતને દરજે ઊંચે ઊંચે દરજે પહોંચ્યો અને તે વખતે અલ્લાહના અસરાર (ભેદો)માંથી એક ભેદને પામશે; અને અલ્લાહના મખફી ગંજોમાંથી એક ગંજ મેળવશે.

જનાબે મજલીસી (અ૦ મ૦)એ બેહારૂલ અનવારમાં અરબીમાં એ બાબત લખી છે, તેનો તરજુમો "બયતુલ અહઝાન"વાળા મુજતહેદ આલીમે ફારસીમાં કર્યો છે, તેમાંથી અમોએ અમારી લીયાકત મુજબ બહુજ સાફ સાફ તરજુમો ગુજરાતીમાં કર્યો છે, એ પછી એ ફારસી કીતાબવાળા પોતે લખે છે તેનો તરજુમો નીચે મુજબ—

હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ તેમના ઉપર આપણી અરવાહો ફીદા અને કુરબાન થાય, તેમને એ મુજબ માઅરેફતે નુરાનીયહથી જે કામેલીન ઓળખે, અને તે પ્રમાણે અમલ કરે તેમના ઉપર અલ્લાહની રહમતો ગવારા અને મુબારક થાય, અને હૈફ છે એ લોકોને કે જેઓ અવી માઅરેફત તીશે ટુંકી નજર રાખતા હોય, અને તેથી ગાફીલ થયા હોય, અને વાય છે એ લોકો ઉપર કે અવી માઅરેફતમાં શક કરતા હોય, અને ધીક્કાર છે એ લોકો ઉપર કે એ જનાબના ફઝાએલનો ઇન્કાર કરતા હોય, અને એવા લોક ઝીયારતે જામેઅએ કબીરહમાંની હદીસની રૂએ કાફેરછે, આ પછી આપના દુશ્મનો માટે કેટલીક બાબતો લખીને આપની શહાદતનું બયાન લખેલ છે. **વસ્સલામ.**



# વેપાર, બેપાર.

વેપાર કરનાર વેપારી કહેવાય છે, દરેક વેપારી એવી ઉમેદથી વેપાર કરે છે કે મુડી કાયમ રહે અને જે નફો મળે તેમાંથી પોતાનો ખર્ચ કાઢતાં જે કાંઇ વધે તે મુડીમાં વધારો કરે. પણ એવો હેતુ કોઇનો હોતો નથી કે મુડી બરબાદ જાય અને કંગાળ સ્થીતીમાં આવી પડે.

વેપાર એકજ પ્રકારનો હોતો નથી, પણ બધામાં પહેલાં પોતાની ગાંઠ છોડવી પડે છે મુડી લગાડવી પડે છે અને તે પછી નફાની આશા રાખી શકાય છે ખાત્રી તો નહીંજ, કેમકે વખતે નુકશાન પણ જાય, આખી દુની-આમાં ગમે તે જગ્યાએ જાઓ ત્યાં વેપાર કરવા માટે પહેલાં ત્યાંના રીત રીવાજો હાલતો અને વહીવટો જાણવાની જરૂર પડે છે, ભાષા શીખવી પડેછે, ત્યારે મુડીવાળો કાંઇ કરી શકે છે, પરંતુ એવો વેપાર કે જેમાં મુડીવાદની જરૂર નથી, દેશ, ભાષા, રીત રિવાજ, સમજવાની અગત્ય નથી, નુકશાનનો ભો નથી, અને નફાની આશા નહીં બલકે ખાત્રીજ છે, તે વેપારની રીત બહુ આસાન અને સીધી દલાલ આડતીયાની જરૂર વિનાની છે; ગમે તે દેશમાં ગમે તે મોસમ અને વખતમાં, ગમે તેટલી તંગી અને સખ્તીમા તે વેપાર થઇ શકે છે, તે માત્ર એકજ છે જેની વિગત આગળ આવે છે.

વેપારને ઉત્તરવાલા "બેપાર" કહે છે, એટલે તેનો અંત કે છેડો નથી, અર્થાત હદ બાંધી શકાતી નથી, તે અર્થ ખરા સાબિત કરવા માટે દુનીઆનાં વેપારોમાંથી કોઇ ખરેખર એવો નથી કે જેનો દાખલો આપી શકાય.

રાહેનજાત કીતાબ ૩૧ હીસ્સો દફાને પાને ૩૦૮ માં "ઇનામી હીકા-યત" લખી જવાબ માંગવામાં આવ્યા છે કે, "ખુદાએ તેને રોજી વધારે આપી નથી, તેની રોજી નીમેલી તેટલીજ આપી છે, તો એટલું નાણું તેની બાકીની જીંદગી સુધી મલતું રહ્યું તેનું શું સમજવું? આનો ખરો જવાબ યકીન છે કે ઘણાં સાહેબો આપશે, મારા સમજવા મુજબ આ હીકાયતનો જવાબ પણ જેટલો લાંબો સવાલ તેટલોજ લાંબો જવાબ હોવો જોઇએ, અને વિગત એવી હોય કે દરેકે દરેક માંણસ સહેલાઇથી સમજી શકે.

**જવાબ**—આબિદે પોતાની રોજી એકદમ માંગી તો તેને ખુદા તઆલાએ આપી દીધી, તેથી તેણે શું ઉપયોગ કરવો એ વિચાર્યું, રાખી મુકી થોડું થોડું વાપરે તો સંભાળવાનું દુ:ખ અને એકદમ મેળવવાથી કાંઇ ફાયદો નહીં, તેથી તો જેમ જેમ મળતું અને વપરાતું તેજ સારૂં હતું,

હવે જયારે એકદમ લઇ લીધું તો ફરી મળવાનું નથી, અને ખુદાનો દરબાર છે બીજી જગ્યા નથી કે વાંકુ બોલે પણ ચાલે, એકદમ વાપરી નાખવાથી બાકીની જીંદગી શીરીતે ગાળવી તે સવાલ ઊભો થયો, અને એકદમ વાપર્યા વિના છુટકો પણ નથી. કેમકે એકઠું લીધું છે તેનું શું ? તેથી આબિદે વિચાર કર્યો, વાપરવાનો માર્ગ શોધી કાઢયો, ખાણું પકાવ્યું અને "રાહે લીલ્લાહ" ગરીબ મોહતાજોને ખવરાવી દીધું, કાંઇ વધ્યું તેમાંથી પોતે પણ ખાધું, "દેહ દર દુનીઆ (અને) સીત્તેર દર આખેરત" એકનાં દસ દુનીઆમાં અને સીત્તેરગણું આખેરતમાં મળવાની આશા રાખી 'તેણે નેક નિય્યતી અને ખરા અંતઃકરણથી મૌત અને જીંદગીના સવાલમાં કારે ખયર "મહુઝન લિલ્લાહ" માત્ર ખુદાની ખુશી માટે કર્યું, નામના મેળવવાની હતી નહીં, "સર સી. આઇ. ઇ. બહાદુર" વિગેરે વિગેરે અલકાબો મેળવવાની આશા રાખી નહતી, દેશ કે કોમ તરફથી દાતાર, નેક નામદાર, સખી, એવા ઉપનામો મેળવવાની જરૂર ધારી નહતી, તેથી તેણે ખુદાએ તઆલાએ આપેલું ધન તેનીજ રાહમાં તેનાંજ નામ ઊપર વાપરવાનું યોગ્ય ધાર્યું.

દુનીઆમાં કોઈ માણુસ કોઇ બરાબરીઆ ઉપર અરે તેનાંથી ઘણીં ઊતરતી હાલતનાં માણુસ ઉપર કાંઇ એહસાન કરે અથવા તેને મળે કાંઈ ખર્ચ કરે તો (કોઇક અભાગ્યા શીવાય) દરેક તેનો બદલો વાળશે, ગરીબ હશે નાણું નહીં આપી શકે તો તે જાત મહેનત કરશે અને બદલો વાળી આપશે, બરાબરીઓ હશે તે તોહફો મોકલી એહસાન વાળશે, મોટો દોલત-વાળો હશે પઇસો, જણસ, ખેતર, ગામ, આપશે, ત્યારે "અહકમુલ હાકેમીન" માલેકે કવનો મસાહેબો અર્શો જમીન કેમ કોઇની ખીદમતનો બદલો ન આપે ? તે સાધારણ રીતે તો એકનો બદલો દસ અને સીત્તેર આપે છે, તો પછી જીવ સટોસટ અને આખી ઊમરની રોજી એકજ વખતે વાપરી દે, હવે આવવાની આશા નથી મળવાનું હતું તે મળી ગયું, જે તેણે રાહે લીલ્લાહ વાપર્યું, તેનો બદલો ખુદાતઆલા કેમ ન આપે ? તેણે જેટલું આપ્યું હતું તે બધું વાપરી નાંખ્યું, બીજે દીવસે ફરી આપ્યું, તેપણ તેણે તેજ રીતે વાપરી દીધું, અને આખી જીંદગી એજ મુજબ વાપરતો રહયો, ખુદા તઆલા તેને આપતો રહયો, માત્ર તે જેટલું ખાતો તેટલુંજ તેનાં હીસાબે ઉધરતું હશે, તેથી તેની જીંદગી સુધી જેટલું મળવું જોઈતું હતું તેટલું બરાબર મળ્યું અને સવાબ જે મળશે તે જુદો, જે નાણું મળતું રહ્યું તે જો તેણે બીજે માર્ગે વાપર્યું હોતતો ફરી મળત નહીં, પણ મળ્યું તે તેણે પોતાનાં કામમાં વાપર્યું નહીં, તેથી દરરોજ તેટલુંજ મળ્યા કર્યું, એનુંજ નામ બેપાર ! ખરી રીતનો

વેપાર જેની વિગત અમે ઊપર આપી તે વેપાર એજ છે. ગમે તે જગ્યાએ ગમે તે દેશમાં ગમે તે વખતે રીત રીવાજ જાણ્યા સીવાય એ વેપાર થઇ શકેછે તેમાં ખોટનો ડર નથી, અને ફાયદો મળવાની ખાત્રીજ છે, હવે એવા વેપારને જે કમનશીબ છોડે તેને શું કહેવું, ખુદગરઝ, આપમતલબી લોકો પોતાનાં ટુંક ફાયદા અને લાલચને માટે પાકા વેપારીઓને વેપારી સરીસ્તા જાણનારાને ભુલવે છે, ભમાવે છે, અને લોભાવે છે, તેઓ જાહેરનો જુજ ફાયદો જોઇ મોટું નુકશાન ઊઠાવે છે, અને મોટો ફાયદો ઘણો લાભ ખુવે છે, હકદારોના હકો જે આપવા ફરજ છે, વાજીબ છે તે આપતા નથી, ખુમસ, ઝકાત, હજ વીગેરના નાણાં બાંધી મુકે છે અને બન્ને જહાનનો દીન દુનીઆનો વબાલ ઉઠાવે છે, બીરાદરો જરા આબિદનો ધડો લો, રાહે ખુદાનાં નાણાં બરબાદ જવાનાં નથી, કોઇનાં ભમાવે ભમશો તો તમારૂજ નુકશાન છે-ફકત.

લી૰ હીતેચ્છુ,

સય્યદ મોહમ્મદ કાઝિમ "ખલીલ" ઇસફહાની ખંભાત.

# ખસાએસે હુસૈનીયાહ.

( એટલે હ૦ ઇમામે હુસયન અ૦ માટેની ખાસ ખાસ બાબતો. )

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
માળીયા (મીંયાણા)

## ભાગ બીજો.

## ફસલ ૮મી, હ૰ઈમામેહુસૈનઅ૰ને લબ્બયક કહેવાવીશે,

( ગયા છઠ્ઠા અંકના પેજ ૩૪૦ થી સાંધણ )

૪—આપે જે હુજ્જત તમામ કરવા નજીવી મદદો જે કોઇ કોઇ જગ્યોએથી મંગાવી તેમાં ચોથી મદદ કાગળો લખીને મોકલવાની છે, જેમકે બસરાવાળાઓને લખ્યું કે તેમાં જે લખ્યું તેનો ખુલાસો એ છે કે બીસ્મીલ્લાહ અને ખુદા રસુલ સ૰ની તાઅરીફ પછી લખ્યું કે બસરાના અશરાફ અને મોટેરાઓને આ કાગળ હુસયન ઇબ્ને અલી તરફથી છે, તમો જાણો કે આજ કાલ ખુદા અને રસુલના હુકમો મુજબ લોકો ચાલતા નથી, તેથી હું તમોને ખુદા અને રસુલ સ૰ના ફરમાનો તરફ દઅવત આપુછું અને તેમનાં

તરફ બોલાવુછું, માટે જો મારી દઅવતને માન્ય રાખીને તાબેદારી કરશો તો હીદાયત પામશો, અને માનવંતા થશો વસ્સલામ, અને એ કાગળ અબુઝરીનને આપીને બસરાવાળાઓને મોકલી આપ્યો.

આપનો કાગળ જવાથી યઝીદ બિન મસઊદે બની તમીમ અને બની કહતબા અને બની સઅદને ભેગા કરીને બહુજ છટાથી ખુતબો પડીને વાએઝ તથા નસીહત કરીને ખુદાના અઝાબથી ડરાવીને કહ્યું કે તમો જાણો છો કે હઝરતે રસુલેખુદા સ૦ના નવાસા જનાબે ઇમામે હુસયન અ૦ આપણા ઇમામ છે, તેઓની શરાફત બુઝુર્ગી અને ઇલ્મ વીશે વીવેચન કરવાની જરૂરત નથી, તેઓ ખલકત ઉપર હુજ્જતે ખુદા છે, તેઓ આપણને મદદ માટે બોલાવેછે, માટે આપણે જરૂર જવું જુવે, આ બસરાવાળા તમોએ જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ની મુખાલેફત કરીને જમલની લડાઇમાં એ નફસે રસુલ, બીરાદરે રસુલ, અને વસીયે રસુલની સામે લડયા હતા, અને તેથી ખુદાના અઝાબને લાયક થયા છો, માટે તેમના ફરઝંદની મદદ કરીને એ અઝાબને દુર કરાવો, તે ગુનાહથી માફી ચાહો કે ખુદા આ મવકે માફ કરી આપશે.

આ સાંભળીને એ લોકોએ હઝરતની મદદ કરવા જવા કબુલ કર્યું, અને જવાની તય્યારી કરીને રવાના થવાના હતા ત્યાં ખબર મળી કે આપ શહીદ થઇ ગયા.

૫—એજ પ્રમાણે આપે કુફાવાળાઓને લખેલ કે આ કાગળ હુસયન ઇબ્ને અલી તરફથી સુલેમાન ઇબ્ને સોરદ, મુસય્યબ ઇબ્ને નજબા, રેફાઆ બીન શદ્દાદ, અબદુલ્લાહ બીન વાલ, તથા મોઅમેનીનની જમાતને માલુમ થાય કે તમો જાણો છો કે હઝરતે રસુલેખુદા સ૦મે ફરમાવ્યું છે કે જેઓના વખતમાં એવો ઝાલીમ બાદશાહ હોય કે હલાલને હરામ, અને હરામને હલાલ કરતો હોય, અને ખુદાના અહદને તોડતો હોય, સુન્નત વીરૂધ વરતતો હોય, અને અલ્લાહના બંદાઓ ઉપર ઝુલમ ગુઝારતો હોય છતાં જેઓ તેના એ કૃત્યથી રાજી હોય, અને તેના એવા કૃત્ય અને રીતભાતથી વીરૂધ થતા નહોય, તો એવા લોકોને હકતઆલા એ ઝુલ્મ વી૦માં શરીક ગણાશે, તો તમો સારીપેઠે જાણોછો કે બનીઉમય્યહએ ખુદાની નાફરમાની કરી, અને શયતાનની ઇબાદત કરવા લાગ્યા, ખુદાના મુલકમાં સરે ઝાહેર ફસાદ કર્યો, ખુદાની હદોને નકામી કરી નાખી, મુસલમાનોનો માલ હજમ કરવા લાગ્યા, અહકામે ઇલાહીને હલાલથી હરામ કર્યા, મતલબ એકે આ ખલકતનો હું હાદી અને ઇમામ છું, અને હુંજ એ મરતબાને વધારે લાયક છું કેમકે હ૦ રસુલેખુદા સ૦નો નવાસો છું.

તમો જાણો કે તમોએ મને બોલાવા જે કાગળો લખ્યા, અને કાસીદો

મોકલ્યા, અને જાહેર કર્યું કે અમોએ આપની સાથે એવી બયઅત કરી છે કે આપને મુકી આપીશું નહીં, અને મદદ કરીશું, માટે તમોએ કરેલ બયઅત ઉપર વફા કરો તો તમારા માટે ભલાઇ છે, અને હિદાયતથી કામયાબ થશો, અને તમો તથા તમારા બાલબચ્ચાં મ્હારી અને મ્હારા બાલ બચ્ચાઓની જેમ ગણાશે.

પણ જો તમો બયઅતને તોડી નાખીને સાબીત કદમ નહીં રહો તો તેથી હું અજબ નહીં થઉં, કારણકે તમોએ મ્હારા પદરે બુઝુર્ગવાર, બીરાદરે આલીવાકાર. અને કાકાઇ ભાઇ મુસલીમ સાથે પણ તમોએ બેવફાઇ કરી છે, તમારા ઉપર ભરોસો રાખીને જે મગરૂર થાય તેની ભુલ છે, માટે જો આ મુજબ વરતશો તો તમારો અજર બાતિલ અને બરબાદ થઇ જશે, અને હક રસ્તાથી મોહું ફેરવ્યું ગણાશે, અને તેથી પોતા માટે નુકશાન વોહરી લેશો. છેવટે યાદ રાખો કે ખુદા તમારાથી બેપરવા છે વસ્સલામ.

એ મુજબ કાગળ લખીને આપે કયસ બીન મસહર સયદાવીને આપ્યો કે કુફે લઈ જાય, તે એ કાગળ લઇને ચાલ્યા, તો જ્યારે કુફાની નજીક પહોચ્યા તો હસીન ઇબ્ને નમીર મળ્યો કે તે યઝીદની ફોજ તરફથી ચોકી માટે ઉભો હતો, તેણે કયસને ઉભા રાખીને ઝડતી લીધી, તેથી કયસે મસલેહતથી એ કાગળ ફાડી નાખ્યો, તેથી હસીન મલઉને કયસને કુફે ઇબ્ને ઝીયાદ પાસે મોકલી આપ્યા.

ઇબ્ને ઝીયાદની પાસે કયસને લઇ ગયા ત્યારે તેણે પુછયું કે તમે કોણ છો ? આપે ફરમાવ્યું કે જનાબે અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલેબ અ૦ તથા તેમના ફરઝદે દિલબંદ હ૦ ઇમામે હુસયન અ૦નો એક શીઆહ છું.

ઇબ્ને ઝીયાદ મલઊને પુછયું કે જે કાગળ કુફે લઇ જતા હતા તે શામાટે ફાડી નાખ્યો ? જવાબ આપ્યો કે એ કાગળના લખાણથી તું વાકેફ નથા, તે માટે મેં ફાડી નાખ્યો.

તેણે પુછયું કે એ કાગળ કોણે લખેલો, અને કેના ઉપર મોકલ્યો હતો ?

જવાબ આપ્યો કે હઝરતે ઇમામે હુસયન અ૦મે કુફાવાળાઓને લખ્યો હતો, પણ તેમના નામની મને ખબર નથી.

આ સાંભળીને તે મલઊન બહુજ ગુસ્સે થઇને બોલ્યો કે ખુદાની કસમ જ્યાં સુધી તું નામ બતાવીશ નહીં ત્યાં સુધી હું તને મુકત કરીશ નહીં, અને જો નામ બતાવવા નહોય તો મીમ્બર ઉપર જઇને (અયાઝન બિલ્લાહ) તું હુસયન ઇબ્ને અલી ઉપર, તેમજ તેમના બાપ અને ભાઇ ઉપર........કર,

સતલબકે ન છાજતા શબ્દો કહે.

કયસ બહાદુરે કહ્યું કે એ લોકોના નામતો કદી બતાવીશ નહીં પણ મીમ્બર ઊપર જઇને કહેવા કબુલ કરૂં છું.

ઇબ્ને ઝીયાદે કહ્યું ભલે મીમ્બર ઉપર જઇને મેં કહ્યું તેમ કહે.

તરત કયસ બહાદુર મીમ્બર ઉપર ગયા, પહેલે અલ્લાહની તઅરીફ કરી, પછી હઝરતે મોહમ્મદે મુસ્તફા સ૦ ઊપર સલવાત પડયા, તે પછી આપની આલ ઉપર, અને ખાસ કરીને હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ તથા જ૦ ઇમામે હસન અ૦ તથા જ૦ ઇમામે હુસયન અ૦ ઉપર સલવાત પડીને કહ્યું કે આ ઇબ્ને ઝીયાદ ઉપર તથા યઝીદ ઉપર, તથા જેટલા બની ઉમય્યાહઓએ બંડ ઉઠાવ્યું છે તે તમામ ઉપર ખુદાની લઅનત હેજો!

ઓ કુફાવાળાઓ જાણો કે હઝરતે ઇમામે હુસયન અ૦નો હું એલચી છું તેઓ અત્રે આવે છે, ફલાણી મનઝીલ ઉપરથી મને તમારી પાસે મોકલ્યો છે. માટે એ જનાબની ખિદમતમા હાજર થવા ઉતાવળ કરો, અને તેમની મદદ માટે તય્યાર થઇ જાઓ!!!

આ સાંભળીને ઇબ્ને ઝીયાદને ગુસ્સાનો પાર રહયો નહીં, અને લાલ પીળો થઇને બોલ્યો કે આને પકડીને કોઠા ઉપર લઇ જઇને પછાડો.

તે નાપાકનો એ મુજબ હુકમ થતાંજ તેમના હાથ બાંધીને કોઠા ઊપર લઇ જઇને એવી રીતે પછાડયા કે એ ઇમાનના કામીલ દીદારના હાડકા ચુરેચુરા થઇ ગયા, અને અબ્દુલમલીક બીન ઉમરે તેમને ઝબેહ કરીને શહીદ કરી નાખ્યા, તેથી કેટલાંક કુફીયોએ તેને ઠપકો આપ્યો તો તે મલઊને કહ્યું કે તેમને આ જંજાળમાંથી છોડાવીને રાહત આપી.



# મેઅરાજુસ્સઆદાહ.

## ભાગ ૪ થો.

(ગયા ૫માં અંકના પેજ ૨૯૫ થી.)

## ફસલ ૫-મી મોહબ્બતના ફળનું અધુરૂં.

અલ્લાહની મોહબ્બત વીશે ખુલાસાથી બયાન થયું, તેટલું ગ્રહણ કરે તો બેડો પાર થઇ જાય, મોહબ્બતથી મતલબ એ છે કે દિલ જોશમાં આવે, આગલાની ચાહનામાં બેચયન થાય, તે તરફજ રાત દીવસ લક્ષ હોય, તેની નજીકી કેવી રીતે હાંસલ થાય તેના માટે વીચારમાં રહયા કરે, તેના ચહેરા અને જમાલને જોવા માટે તડપે, બીજી કોઇ ચીજ તરફ દિલ લાગે નહીં, તેનો ખ્યાલ આવે ત્યારે ખુશીનો પાર રહે નહીં, અને ઇન્સાનના દિલમાં મોહબ્બત છે તે કોઈ વખતે તમામ બલા અને મુસીબતથી રહીત હોય છે, કોઇ વખતે જાતજાતની બલાઓ અને મુસીબતથી ભરપુર હોય છે. કોઇ વખતે ઘભરાહટ અને શોખની સાથે મીશ્ર હોય છે.

આપણો મતલબ ખાસ અલ્લાહની મોહોબ્બતનો છે, અને તેની મોહબ્બત સહેલ નથી, બહુજ મુશકિલ અને બલાઓથી ભરપુર છે, અને તેથીજ કહેલ છે કે "વીલા" બકદ્રે "બલા" એટલે જેટલી મોહબ્બત વધારે. તેટલી બલા પણ વધારે, અને આપણાથી અલ્લાહની છેલ્લા દરજાની મોહબ્બત મેળવવી તે મહાલ છે બનતા જોગ નથીજ, અલબત્ત જેટલી વધારે કોશીશ કરે તેટલી વધારે મેળવે; અને તે શું છે તેની અસલ માહેતી તો મેળવી શકાયજ નહીં; તે બને તેમ નથી.

પણ પરદાની પાછળથી મોહબ્બતમાં લીન થએલ તેના જમાલને જુવે, એટલે તેને એવો ખીયાલ થાય કે જાણે કાંઈ જોઉં છું, તો તેનું દિલ ધ્રુજવા લાગે, અને મોહબ્બતની આગ વધારે ભડકે અને અમુક વખત તો બહુજ ખોફમાં સપડાય, કેમકે તેના જમાલની શીફાત અને ઇઝુતો જલાલ તરફ નીગાહ (ખ્યાલ) જાય, અને તે ઝુલજલાલની બેનયાઝી અને બેપરવાઈ જુવે ત્યારે

તેને બીજો ખોફ લાગુ પડેછે, કે એવું ન બને કે અહીંથી મને કાઢી મુકવામાં આવે, કે. આ જલાલ જોવાથી મહરૂમ કરવામાં આવે; અને જો મોહબ્બત ગાલેબ થાય અને જે નથી જોયું તે જોવાનો ખ્યાલ ન આવે. તેમજ કાઢી મુક-વનો ખોફ પણ ન આવે, તે વખતે તેને બહુજ ભારેમાં ભારે લજ્જત હાસીલ થાયછે, અને ખુશીનો પાર રહેતો નથી, અને તે એકાંતમાં રહેવા ચાહેછે, કોઇના સાથે મળવાનું ગમતું નથી, બાહેર જવા રાજી થતો નથી, બલકે જો કોઈ સંજોગે તેની એકાંતમાં ખલલ પડે તો તેને હદ બહારનો ગમ થાયછે, જેમકે હઝરતે મુસા અ૦ની સાથે ખુદાએ કલામ કર્યા પછી જ્યારે તેઓ લોકોની વાતો સાંભળતા ત્યારે એવા અણગમો થતો કે પોતે બેહોશ થઇ જતા હતા, અને એવો હાલ લાંબી મુદ્દત સુધી રહયો.

આ "મેઅરાજુસ્સઆદાહ" લખનાર સાહેબ લખે છે કે મ્હારા વાલીદે મરહુમ પોતાની તસ્નીફ કરેલી કીતાબ નામે "જામેઉસ્સઆદાહ"માં લખે છે કે અબુહામીદ ગીઝાલીયે નકલ કરીછે કે જ્યારે અલ્લાહની મોહબ્બત એટલે દરજ્જે મેળવે અને તેમાં લીન થઇ જાય; અને તેમાં મજબુત થાય, અને હવે પછી મહરૂમ રહેવાનો ખોફ ન રહે; અને ઘબરાયો નહીં ત્યારે એવો ખુશ-હાલ અને મસ્ત બની જાય છે કે અલ્લાહ પાસે નાઝ કરે છે. એટલે લાડ કરે છે, અને કોઇ વખતે એવું બની જાય છે કે એ નાઝ અને લાડ અને મસ્ત પણામાં કોઇ કોઇ બાબત તેનાથી એવી બની જાય છે, અથવા તેનાથી એવા કલામ નીકળી જાય છે કે જાહેરમાં ખરાબ લાગેછે પણ જેઓ મોહ-બ્બતને દરજ્જે પહોચેલ હોય તેઓને તે ખરાબ લાગતા નથી* તેમજ જે શખસ મોહબ્બતને એવે દરજ્જે પહોંચેલ ન હોય અને તે જાહેરમાં દેખાવ કરવા બુરી દેવું ડોળ ઘાલે તો તે હલાક થાયછે, અને કુફરને દરજ્જે પહોંચેછે. કેમકે એ મોહબ્બતનો રસ્તો મેળવ્યા શીવાય ચાલવા જાય તો ભુલો પડીને ભટ-કયાજ કરે. એ કામ એનું છે કે મોહબ્બતનો રસ્તો તેણે મેળવેલ હોય, તેમાં લીન થયો હોય, તેની ખુબી સમજ્યો હોય, અને સાનરું બુઠીને ઓળખાણો હોય, અને એ રસ્તામાં આવતી આફતોને ઝેલતો હોય તેનું કામ છે.

બુખે અસવદથી નકલછે કે બની ઇસરાઇલમાં સાત વરસ સુધી દુકાળ પડયો તેથી હ૦ મુસા અ૦ સીત્તેર હજાર માણસોને લઇને દોઆ કરવા માટે જંગ-

*એથી મતલબ એ ઢોંગ કરનારાઓનો નથી. કે શરાબ પીવે, નમાઝ પડતા નથી અને કહે કે મઆરેફતના કામીલ દરજામાં પહોંચી ગયા. તેથી તેને નમાઝ રોઝાનું કામ નથી. હરામ હલાલનું ભાન રાખવું જરૂર નથી એ તો શયતાનનો ધોખો ફરેબ છે, આ મજકુર ઇમામ ગીઝાલીયે નકલ છે, તેથી આપણે કાંઇ માનવાનું નથી, આપણે ઇમામોના કોલ ઉપર અમલ કરવાનો છે, નાજી.

લમાં ગયા, ખુદા તરફથી વહય થઇ કે ઓ મુસા આ લોકો ગુનાહોના અંધકારે તેમને ઘેરી લીધેલ છે, અને તેમના બાતીન (અંતરનો ભાગ) ખબીસ (નાપાક) થયા છે; તેથી તેમની દોઆ કેવી રીતે કબુલ કરૂં?! પણ એક ઈલાજ છે તે એ કે "બુરર્ખ" નામના શખસની પાસે જઇને કહો કે તે દોઆ કરે તો કબુલ કરૂં.

હ૦ મુસા અ૦એ બુર્ખની તપાસ કરી પણ તેનો પત્તો લાગ્યો નહીં, એક દીવસ રસ્તામાં જોયું કે એક કાળો માણસ ચાલ્યો આવે છે; ઉનનું કપડું વીટયું હતું, સીજ[illegible]ના નીશાનથી કપાળમાં ખાડા હતા; હ૦ મુસા અ૦એ નૂરે નોબુવ્વતથી તે[illegible]ળખીને સલામ કરીને નામ પુછયું, તો તેણે જવાબ આપ્યો કે મારૂં નામ [illegible]ર્ખ છે, આપે ફરમાવ્યું લાંબી મુદતથી તમારી શોધમાં હતો માટે ચાલો વરસાદ થવા માટે ખુદા પાસે દોઆ કરો.

એ સાંભળીને બુર્ખ જંગલમાં ગયા અને દોઆ કરવી શરૂ કરી કે એલાહી ત્હારી રહમત અને હીલમથી આ વાત ખીલાફછે કે વરસાદ નવરસે, પણ શા કારણથી તું વરસાદ વરસાવતો નથી તેની ખબર પડતી નથી! શું વાદળા ત્હારા નાફરમાન બની ગયાછે? શું હવા ત્હારી તાબેદારી કરવા ઇનકાર કરેછે? અથવા શું પાણી ખલાસ થઇ ગયુછે? અથવા ત્હારો ગઝબ ગુનેહગારો માટે વધી ગયોછે? પણ હું તો એમજ અરજ કરીશ કે તે ત્હારા ગઝબની પહેલે રહમતને ખલ્ક કરેલછે અને તું બક્ષનારોછો, અને માફ કરવાનુ ત્હારૂ કામછે,યા ખુદા આ લોકોઉપર જલ્દી અઝાબ નાઝીલ કરવા ચાહેછે? શું ઢીલ કરવાની તને શકતી નથી.

એ પ્રમાણે દોઆ કરેછે ત્યાં વરસાદ નાઝીલ થયો, અને અરધા દીવસમા એવી રીતે ખડ વીગેરે ઊગ્યું કે માથોડા ઉપર વટ થઇગયું, તે વખતે બુર્ખે હ૦ મુસાઅ૦ને કહ્યું કે જોયું? મેં ખુદા સાથે કેવો વાદ કર્યો? એમ કહીને ચાલતો થયો, અને હ૦મુસાએ તેને કાંઇ જવાબ આપવા ચાહયો ત્યાં ખુદા તરફથી હુકમ થયો કે ઓ મુસા આ બુર્ખ હમેશાં કેટલાક વખત આ પ્રમાણે મ્હારી સાથે વાદ કરેછે.

લખે છે કે જયારે હ૦ મુસા અ૦ને ખુદાએ હુકમ કર્યો કે ફીરઔનને હીદાયત કરવા જાઓ. તો આપે લાડ અને નાઝમાં આવીને અરજ કરીકે હું કેવી રીતે જાઉં મને ખોફ રહે છે કે કત્લ કરી નાંખે! અને મ્હારૂં દિલ ગભરાયછે. તો ખુદાએ એ તમામનો જવાબ આપીને મોકલ્યા; પણ આથી મતલબ એ છે કે આ પ્રમાણે હ૦ મુસા શીવાય બીજાએ અરજ કરવી તે અદબની ખીલાફ છે; પણ ખુદાએ પોતાના કોઇ કોઇ બંદાને એવા લાડ અને

નાઝ કરવાની છુટ આપી છે અને તેથી અણુગમો રાખતો નથી તેથી તેજ એવા લાડ કરી શકે.

તેમજ હ૦ ઇસા અ૦ને જુઓ કે તઓએ લાડ અને નાઝની રૂએ કહેલ છે કે હું પયદા થયો ત્યારથીજ મ્હારા ઉપર ખુદાના સલામછે; અને દુન્યાથી જઇસ ત્યારે પણ મારા ઉપર ખુદાના સલામ છે; તેમજ કયામતમાં ઉઠીશ ત્યારે પણ મ્હારા ઊપર ખુદાના સલામ છે, તો પોતાની મેળે પોતા ઉપર ખુદાના સલામછે એમ કહેવું એ પણ નાઝ અને લાડના કારણથીછે, નહીં તો બીજાએ એ પ્રમાણે કેહવું બે અદબી ગણાયછે, જુઓ હ૦યહયા અ૦મે પણ એજ પ્રમાણે કેહવું શરૂં કર્યું પણ મજકુર શબ્દો નહીં કહેતા ચુપ રહયા તો ખુદાએ પોતે ફરમાવ્યું કે યહયા અ૦ પેદા થયા ત્યારે તથા ગુજરી જાય ત્યારે, તથા કયામતમાં ઉઠે ત્યારે તેમની ઉપર મ્હારા સલામ છે.

હ૦ યુનુસ પૈયગમ્બરે હઝરત મુસા અ૦ની જેમ કર્યું કે ખુદાએ નાફરમાનોથી રીસાઇને ચાલ્યા જવાનું પસંદ કર્યું નહીં; તો પણ તેઓ ચાલ્યા ગયા, તો ખુદાએ તેમને માછલીના પેટમાં નાંખી દીધા અને તેમની એ બેઅદબીનો બદલો કર્યો, અને હ૦ મુસા અ૦ની જેમ તેમની સાથે વરત્યો નહીં તો તે માલીકના ભેદ તે બેહતર જાણે છે પણ જાહેરમાં એમ દેખાય છે કે દરેકના દરજા વધતા ઓછા હોવાથી તેમની સાથે તે પ્રમાણે વરતે છે, જેમકે પોતેજ કુરઆનમાં ફરમાવેલ છે કે અમોએ કેટલાક પૈગમ્બરોને કેટલાંક પયગમ્બરો ઊપર ફઝીલત આપી છે.

---



ઇલ્મ શોખીન શેઠ લાયબ્રેરી હાઊભાઇ મામદાણી ગાંધીયા (લીંબડી)

# અયનુલ હયાત.

## બાબ ૧ લો.

### ઉસુલેદીનમાં (૪-થું) ઈમામતનું બયાન.

( ગયા ૮માં અંકના પેજ ૪૩૯ થી ચાલુ. )

ઇબ્ને બાબવયહ (અ૦ મ૦)થી હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦મે રીવાયત કરી છે કે ખુદાએતઆલાએ હઝરતે રસુલેખુદા સ૦ને એકસોને વીસ વખત મેઅરાજ બોલાવ્યા અને દરેક વખત વાજેબાતથી વધારે તાકીદ કરીકે હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ને વસી અને ઇમામ જાહેર કરવા.

અને કુલયની (અ૦ મ૦) એ હઝરતે ઇમામે મુસીએ કાઝીમ અ૦થી રીવાયત કરીછે કે આપે ફરમાવ્યું કે મેં મ્હારા વાલીદે બુઝુર્ગવારને પુછયું કે હ૦ રસુલેખુદા સ૦મે જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ની ઇમામત વીશે એજ હઝરત પાસે વસીયતનામુ લખાવ્યું, અને જીબરઈલ તથા બીજા મહાન મલાએકા તે વીશે શાક્ષી ઠેહરાવ્યા તો શું આ વાત ખરી છે? તેમજ જ્યારે હ૦ રસુલેખુદા સ૦ની વફાતનો વખત નજદીક આવ્યો તો જીબરઇલ મહાન મલાએકાઓને સાથે લઇને એક લખત હઝરતને આપીને અરજ કરી કે તમારી પાસે જે માણસો હાજર છે તે સરવેને કહો કે અલી અ૦ શીવાય તમામ જણ બાહેર ચાલ્યા જાય કે તેથી ઇમામતનું વસીયતનામું હ૦ અલી અ૦ને આપવામાં આવે, અને તે વીશે અમો શાક્ષી રહીએ કે તમોએ તેમને વસી મુકર્રર કર્યા અને તેઓએ એ મરતબો સ્વીકાર્યો અને ઇમામતના હકો અદા કરવા માટે બંધાણા.

હુકમ થવાથી સરવે જણ બાહેર ચાલ્યા ગયા, અને જનાબે ફાતેમહ અ૦ને દરવાજાની પાછળ ઉભુ રહેવાનુ કહ્યું; પછી જીબરઇલે અરજ કરી કે યા મોહમ્મદ સ૦ ખુદાએતઆલાએ આપને સલામની બાદ ફરમાવ્યું છે કે આ એ લખત છે કે જેની આપને ખબર આપવામાં આવી હતી, અને તેમની ઇમામત વીશે આપ પાસેથી અહદ અને વાયદો લેવામાં આવ્યો હતો; અને હું તથા મારા ફીરીશતા એ વીશે શાક્ષી છીએ.

આ સાંભળીને આપનું અંગ મુબારક ધરૂજવા લાગ્યું, અને ફરમાવ્યું કે અએ જીબ્રઇલ મ્હારા પરવરદીગારનું નામ "**સલામ**" છે, તે તમામ એબથી પાક છે, તમામ સલામ અને દોરૂદ તેનાજ માટે છે, પછી જીબ્રઇલે એ લખત તેમને આપીને કહ્યું કે હ૦ અલી અ૦ને આ આપી દયો, તેથી આપે હ૦ અલી અ૦ને આપીને ફરમાવ્યું કે યા અલી મ્હારી પાસે જે અમાનત હતી તે તમોને સોંપીને પેગમ્બરીનું કામ પુરૂ કર્યું.

આસાંભળીને હ. અમીરૂલ મોઅમેનીન અ૦મે અરજ કરીકે મ્હારા મા બાપ **આપ ઉપર** કુરબાન થાય એ મને સોંપેલા કામને અદા કરવા માટે હું બંધાએલછું ખુદા એ કામમાં મારી મદદ કરે, પછી હ૦રસુલે ખુદા સ૦ મે **ફરમાવ્યું** કે **જીબ્રઇલ** માનવંતા મલાએકાઓની સાથે હાજરછે, તેઓને સાક્ષી રાખીને કહુંછું કે તમોને મેં વસી મુકર્રર કર્યા.

એ વસીયતનામાંમા એમ પણ હતું કે યાઅલી જેઓ ખુદા અને રસુલનાદોસ્ત હોય તેઓના તમો પણ દોસ્ત રહો, અને જેઓ દુશ્મન હોય તેઓથી બેઝાર રહો, અને ગુસ્સાને વખતે હીલ્મ ઈખ્તેયાર કરો, હક છીનવાઈ જાય.હુરમત ન રહે, ખુમ્સ નો હક ગસબ થાય તો પણ સબરથી કામ લેવુ, જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ ફરમાવેછે કે ખુદાના કસમ કે તેણે દાણા માંથી લીલુ ઝાડ ઉગાડયું અને ખલકતને પૈદા કરી કે એ વખતે જીબ્રઇલ હ૦રસુલે ખુદા સ૦ને કેહતા હતાકે યા રસુલુલ્લાહ સ૦ હ૦ અલી અ૦ને જાહેર કરી આપો કે ઝાલીમો તેમની તથા તેમના હરમની આબરૂ રાખશે નહીં, અને રાહે ખુદામાં શહીદ થવુ પડશે, દાઢી મુબારક લોહીથી રંગાશે, આ કલામ સાંભળીને હું બેહોશ થઈ ગયો, જ્યારે હોશ આવ્યો ત્યારે મેં કહ્યુ કે એ તમામ બાબતો મને કબુલછે, હું તો ખુદાએતઆલાની રઝામંદી ચાહુંછું, ભલેતો મારી હુરમત ચાલી જાય, શરીઅતના અહકામ બરબાદ થાય, ખુદાની કીતાબની બેઈઝ્ઝતી થાય: કાબાને પાડી નાખવામાં આવે, તો પણ હું સબર કરીશ.

પછી હ૦રસુલેખુદાસ૦ ફાતેમાઅ૦ અને હ૦ઇ૦હસનઅ૦ અને હ૦ઇ૦હુસયનઅ૦ને બોલાવીને આવવાવાળી મુસીબતોની ખબર આપીને હ૦અલી અ૦ની જેમ તેમની પાસેથી પણ એ માન્ય રાખવા અને સબર કરવાની કબુલાત લીધી, એ બુઝુર્ગોએ પણ એ મુસીબતો ખમવાની અને તેના ઉપર સબર કરવાની કબુલાત આપી અહદ કર્યો, અને પછી બેહીશ્તના સોનાની જે મોહર હતી તે થકી સર્વેએ એ વસીયત નામા ઉપર મોહર કરી અને જ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ને આપવામાં આવ્યું.

રાવી કહે છે કે હ૦ ઇમામે મુસા કાઝીમ અ૦એ પોતાના વાલીદને અરજ કરી કે યા હઝરત એ વસીયતનામામાં બીજું શું લખ્યું હતું ? હ૦ ઇમામે જાઅફરે સાદીક અ૦એ જવાબ આપ્યો કે ખુદાના અહકામ હ૦ રસુલે ખુદા સ૦ની સુન્નતો દરજ હતી; વળી મેં પુછ્યું કે ઝુલ્મગારો ખીલાફત છીનવી લેશે એ પણ લખ્યું હતું ? તો આપે જવાબ આપ્યો કે ખુદાની કસમ તમામ બાબતો હરફે હરફ લખેલી હતી, શું ? આ સાંભળ્યું નથી કે ખુદા ફરમાવે છે કે–ઇન્ના નહનો નોહયીલ મવતા વનકતોબો મા કદ્દમુ વ આસારહુમ, વકુલ્લ શયઇન અહસયનાહો ફી ઇમામીમ્મોબીન." એટલે કયામતને દીવસે અમો મુરદાઓને જીવતા કરીશું, અને તેઓએ આગળ અને પાછળ કરેલ કામો અને બાકી રાખેલ નીશાનીયોને અમો લખી લઇએ છીએ. અને હરેક ચીજ (નૂર, ઇલ્મ,) અમોએ ઇમામે મોબીનમાં ભેગું કર્યું છે.

કોઇ કહે છે કે ઇમામે મોબીનથી મતલબ લોહે મહફુઝ છે, અને કોઇ કહે છે કે તેથી મુરાદ નામએ અઅમાલ છે, પણ હદીસામાં છે કે તેથી મુરાદ હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ છે. અને આ હદીસથી જાહેર થાય છે કે તેથી મુરાદ એ વસીયતનામુ છે.

હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦થી મોઅતબર રીવાયત છે કે હ૦ રસુલેખુદા સ૦ની વફાતની પહેલાં ખુદાએ તઆલાએ જીબ્રઇલની સાથે એક લખત મોકલ્યું અને કહયું યા મોહમ્મદ સ૦ આ તમારી અહલેબયતના મહાન બુઝુર્ગો માટે આ વસીયત નામુ છે આપે પુછ્યું એ બુઝુર્ગો કોણ છે તો જવાબ આપ્યો કે હ૦ અલી અને અબીતાલેબ અ૦ તથા તેમના ફરજંદો, અને એ લખાણ ઉપર સોનાની કેટલીક મોહર કરેલી હતી; અને તે હ૦ રસુલેખુદા સ૦એ હ૦ અલી અ૦ને આપીને ફરમાવ્યું કે આની ઉપરથી એક મોહર ખોલજો અને તેમાં જે કાંઇ લખ્યું હોય તે પ્રમાણે અમલ કરજો, તેથી હ૦ અલી અ૦એ તેમજ કર્યું, અને આપે પણ પોતાની વફાત વખતે હ૦ ઇમામે હસન અ૦ને સોંપ્યુ અને તેમણે પણ એક મોહર ખોલીને તેના ઉપર અમલ કર્યો, અને તેમણે પણ પોતાની વફાત વખતે ઇમામે હુસયન અ૦ને સોંપ્યું, તો તેમણે પણ એક મોહર ખોલી તો તેમાં લખ્યું હતું કે પોતાની જમાઅત લઇને શહાદત માટે જજો અને રાહેખુદામાં જાન કુરબાન કરજો. આપે પણ તેના ઉપર અમલ કર્યો અને આખરી વખતે એ લખત ઇમામે ઝયનુલ આબેદીન અ૦ને આપ્યું તેમણે એક મોહર ખોલીને જોયું તો લખ્યું હતું કે માથુ નમાવીને ખામોશ રહેજો અને કોઇ સાથે મુકાબેલો કરશો નહી આપે પણ એજ પ્રમાણે અમલ કર્યો, અને વફાત વખતે ઇમામે મોહમ્મદ બાકેર અ૦

ને સોંપ્યું. તેમણે એક મોહર ખોલીને જોયું તો લખ્યું હતુ કે તમો લોકો ને હદીસો સંભળાવો, ફતવા આપો, અને ખુદા શીવાય કોઇથી ડરો નહી, તમો-ને કોઈ અટકાવશે નહીં, એજ પ્રમાણે આપે ઇમામે જાફરે સાદેક અને આપ્યુ, આપે પણ મોહર ખોલી તો લખ્યુહતું કે અહલેબયત અગના ઇલમને ફેલાવો, હદીસો અને ફતવા જારી રાખો, કોઇ તમોને અટકાવશે નહીં છેવટે એજ પ્રમાણે એક ઇમામ બીજા ઇમામને એ વસીયતનામુ સોપતા આવ્યા, એટ-લે સુધી કે છેલ્લા બારમા ઇમામને સોપવામા આવેલછે,

# શહાદતુલ અવલીયા.

## તઇયારછે! તઇયારછે!! તઇયારછે!!!

આગલીતાબ એરલીનો મસ્હદ પછી કે તમામ નકલો હાથોહાથ ઉપડી ગઇ, અને માંગણી ચાલુ હોવાથી બીજી આવૃતી છાપીછે.

ઘણા જણની ઘણા વરસથી માંગણી હતી કે હ૦ ઇમામે હુસયન અ૦ તથા તેમના અસહાબો તથા સગાઓની શહાદતનો મજરાહ તરતીબ (બતુક્રમ) અને ખુલાસાથી છપાવો; કેમકે હાલ સુધીની કીતાબોમાં આડો અવળો અહવાલ છે, વળી એક એકની શહાદત ઘણી વખતછે, અને મદીનેથી મકકે જઇ કરબલા પહોંચી કુફા તથા શામ જઇને પાછા અહલેબયત મદીને આવ્યા તે તમામ અહવાલની તરતીબથી મજલીસો નથી, તો ઉરદુ ભાષા ગુજરાતી હરફમાં એ મુજબની મજલીસોની કીતાબ બનાવો કે સર્વેને મોહર્રમ વીગેરેમાં વાંચવા અને સમજવામા ઠીક પડે.

તેથી અમોએ એવી રીતે ૭૨ મજલીસ ગોઠવીકે શુરૂઆતમાં પેશરફતની, પછી કુર્આનની આયત અથવા હદીસ, ફઝાએલ, મોઅજીઝા, અને છેવટે મુસીબતનું બયાન તે પછી નવહા, અને બનતાસુધી જેમની મુસીબત તેમનેજ લગતોજ નવ્હો, અને કરબલાનું બયાન શુરૂથી તે આખર સુધી દરેક મજ-લીસમાં એવી રીતે લખ્યું છે કે તમામ હકીકત સારી રીતે તરતીબવાર સમજાય છે, પેજ ૪૮૪ સળંગ છીટનું વેલકુલ અને સોનેરી નામવાળુ ખુશનુમા પુઠુંછે, નકલો થોડી છપીછે માટે ઝટપટ મંગાવીલ્યો, કીંમત રૂ. ૪ પો. જુદું.

ઈલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ સામદાણી
માળીયા (મીયાણા) ૭

# તોહફતુલ અતફાલ.

(એટલે બાળકોને તોહફો.)

હે બાળકો વારંવાર. તેમજ વધારે ખાવાની ટેવ રાખશો નહીં. કેમકે તેથી દીન તથા દુન્યા બન્નેના નુકસાન છે. ટાઈમ સર અને કુચતુ અને થોડુ થોડું ખાવાથી બીમારી આવતી નથી, તન્દુરસ્તી સારી રીતે સચવાઈછે. અને નમાઝ વીગેરે ઈબાદત કરવાથી આળસ થતી નથી. દરેક કામ કરવા ઊમંગ રહેછે.

લોકોનો મોટો ભાગ ખાધેલા ખોરાકથી પેટમાં જ્યાં સુધી એક જાતનો ભાર લાગે નહીં ત્યાં સુધિ ખાય તોજ બરાબર જો ભર્યું એમ સમજે છે, તેમ ધારવુ બહુ ભુલભર્યુ તથા તન્દોરસ્તીના બાબમાં નુકસાનકારક છે, એક સાધારણ ભોજનને જરપત કરવા માટે હોજરીને બરાબર પાંચ કલાક થાયછે. યાને તે ખોરાક જરપત થઈને હોજરીમાંથી બાહેર પડતા તેટલો વખત લાગેછે. તે પછીજ હોજરીને આરામ મળેછે, મગર એક માણસ દીવસમાં ત્રણવાર મોટા જથામા ખોરાક લે તો પછી એમ ઠર્યું કે દીવસના ચોવીસ કલાકમાંના પંદર કલાક હોજરીએ કામ કરવું આખા દીવસની મેહનત અને રંજ પછી થાકીને ઘરે આવતા આપણાં શરીરને રાહત આપવા અર્થે તેને આપણે પલંગ-પર સોવ્યે છીએ, પણ બાપડી હોજરીને તે વેળાએથી કામ સોંપ્યે છીએ એટલે કે શરીર જે વખતે ઊંઘમાં આરામ લેતું હોય તે વખતે હોજરીને તો અંદર નાખેલો ખોરાક બાહેર કાઢવાને મહેનત ઉઠાવવી પડેછે.

યાદ રાખવું કે જેમ ઘણું વહીતરું કરવાથી કુદરતે નક્કી કરેલી મુદત અગાઉ શરીર ઘસાઈ પીસાય જાય છે, તેમ હોજરીમાં પણ કામનો વધારે બો જો નાખતાં, તે જલદી નબળી અને નસોસ પડી જાય છે, વળી કેટલાકોને પોતાના નીયમસરના ખાણા ઊપરાંત વચ્ચે વચ્ચે મેવો ફળ યા બીજું જે હાથ આવ્યું તે ચગરવાની આદત હોય છે, તેમના બાબમા બાપડી હોજરીનો પુરો મરો થાય છે સવારથી સંધ્યાકાળ તેઓ હોજરીને ચાલુ તકલીફ આપે છે. બિછાણે જતી વેળા પણ તેમના પેટમાં ખોરાક પડેલો હોવાથી ત્યાર પછીએ ત્રણ ચાર કલાક હોજરીને કામ કરવું પડે છે.

આ સંજોગોને લીધે આજે લોકોમાં બદહજમીનો રોગ જે ભય ભરેલાં પ્રમાણમાં ફેલાય છે તેથી અજાયબી ઉપજતી નથી. કુદરતની એક ઉમદા બક્ષેશ સાથે લાંબો વખત સુધી ચેડાં કાઢીયે તે કુદરત કેમે કરી સાંખે? બદીના રોગના

બીજ દસ અને વિસ વર્ષના અંદર બાળકોમાં રોપાય છે, ગમે તેમ ખાખા કરનારાઓ પણ એટલીજ મુદતમાં બદહજમીના હુમલાના ભોગ થઇ પડે છે. સુખરૂપ જીંદગી ગુજારવા ખુદાએ ખોરાક આપ્યો છે, ગળાંની ગટરને ભારો-ભાર ભરવાથી મુદત પહેલાં જો કે મોત આવતુ નથી, પણ લાંબો ખાટલો ભોગવવો પડે છે તેમા શક નથી.

ઓછું ખાવાથી નુકસાન થાય તે કરતા જોઇએ તેથી વધુ ખાવાથી અતી હાની હોયછે. કોઇજ ખાસ અપવાદ વેળા કમી ખોરાક લેવાથી શારીરિક વેદના થઇ હોય, જ્યારે બેહદ ખાધગ બનવાથી આપણને અસહ્ય બેચેની સાથે દુખ દર્દની ફર્યાદ કરવી પડે છે, અને પીડાનો પાર રહેતો નથી.

જીભ્યા જીને વશ કિયો, તિને વશ કિયો જેહાન
નહિતર અવગુણ ઉપજે, કહે સમ સંત સુજાન.

જે પોતાની જીભને વધારે ખાવાથી અણઘટીયાતુ બોલવાથી કબજામાં રાખે, તે સારી સૃષ્ટિને તાબે કરી શકે, પણ જે તરેહવાર વાણીઓ અગર્યા કરે, તે અનેક વ્યાધિઓનો ભોગ થઇ પડે છે, અને અણઘટીયાતું બોલવાથી પસ્તાવાનો પાર રહેતો નથી.

# ❀ તોહફતુન્નીસા. ❀

(બાનુઓને તોહફો.)

હે વહાલી દીકરી—યાદ રાખજે ધણીના છેલ્લો બોલ માથે ચઢાવવાથી પતીનો મરજીનો બોજ ઊપાડી લીધાથી, તેનું હેત બહુ વધે છે, ધણી પુછે કે "તને કાંઇ ભેટ જોઇએ છે?" તો કહેવું કે, "મને તમારી ભેટ બેટ જોઇએ નહીં, મને તો તમારૂં હેત જોઇએ. તને કેવળજ સતી સ્ત્રી લેખેજ પવિત્ર રહીને ભરથારની સામા થશો ન; સામા થશો તો ઘર ભાંગીને ભુકો થશે, તમે કે-વળ સતી રહી પરાઇ ભાંજગડમાં નામે પણ પુરાશો ના, નહીંતો કાકશો સ્વા-મી અગસ્થી પણ વહેમાશે. કલાડીયસના ગુન્હાની તપાસ ચલાવતી વેળાએ તેના ઊપરનો અપરાધ સાબીત કરવાના કામમાં સીઝરની સ્ત્રી પોમ્પીઆનું સામ નામ એક સાક્ષીએ ઉચ્ચાર લીધું, અને એટલાજ શક ઊપરથી સીઝરે પોતાના બાયડીને તલાક આપી હતી!

હે બેટી મ્હારી! ત્હારા પ્રિતમને કરકસરથી તું જરૂર વશ રાખજે, ઘર ચલાવે તેને કરકસર બહુ મિઠી લાગે છે, ત્હારી કરકસરથી તહારૂં આખું સાસરિયું અંદરખાનેથી કદાચ બડબડશે પણ તહારો ધણી, સસરો ને સાસુ માંહેથી ખુશ ખુશ થશે, દીકરી, કરકસર એ કાંઇ દરિદ્રતા નથી; ઘણું સંભાળથી વાપરવું એ કાંઇ મખ્ખીચુસપણું નથી, કસર કોસર એ કાંઇ કંજુસાઇ નથી. કસર અને કંજુસ એ બેમાં મોટો ફરક છે. હોય ને નહીં વાપરે એ દળિદ્રિ. અને ઓછું હોય ને ઘણું વાપરે તો ખરચાળ કે ઉડાઉ કહેવાય, એક વહુ, પોતાનો ધણી જે કમાય છે તેમાંથી કેટલું બચાવવું તે સમજતી ન હોય, તેણી આખી જીંદગી સુધી ફરતી ચક્કી કે ફરતી ઘંટી આગળજ પોતાનું નાક રાખી મુકે છે, અને એક કોઇને કામને નહીં એવી વહુ લેખે પીડાય પીડાઇને મરી જાય અને બીજાને મારી જાય, લેડી અન બર્કલે પોતાની વહૂ કેથેરાઇન હાવર્ડના લખલુટ ખર્ચને લીધે તેણીથી કંટાળી કંટાળીને એટલુંજ બોલીને મરી ગઈ હતી કે "પ્રભુના કસમ લઇ કહું છું કે; આ મોજીલી છોડી મ્હારા દીકરા હેનરીને ભીખ મંગાવશે!" જે પાઇ ધણીની બચવા પામી તે ત્હારીજ છે; ને જે ત્હારા ધણીની પાંઇ ખર્ચાઇ તે પણ ત્હારીજછે ધણી-તો કહેશે કે—

"ગઝંદે તુ પયદા ગઝંદે મનસ્તન્દિદે દર્દમંદે તુ બંદે મનસ્ત"*

મ્હારૂ નુકશાન તે પુરેપુરૂ ત્હારૂજ નુકશાન છે, ને મ્હારૂ દુખ તે પણ પુરેપુરૂ ત્હારૂજ દુખ છે; પીરની ગત મુજાવર જાણે, ને મુજાવરની ગત પીર જાણે. જો દીકરી! ત્હારો વરજી જો પૈશાવાળોછે તો ત્હારે પણ મેળવવાનો તેમજ ખર્ચવાનો વિચાર રાખવો જોઇએ, ઇન્દિસો સ્પેનને માતબર નહીં કરી શક્યા, કેમકે ત્યાં આવક કરતાં જાવક ઘણી થઇ, માટે તમારી જે કાંઈ ખર્ચાળુ મુર્ખાઇઓ હોય તે ત્યજી દેજો, હું દીકરી તેથી તને મુશ્કેલ વખતની કે મોંઘવારીની ફરિયાદો વિશે, આકળા કરો વિશે, અને સવાર પડી કે "લાવ લાવ" ના સંતાપો વીશે ત્હારા પ્રાણપતિને હાય બળાય કરવી પડશે નહીં, ત્હારા હાથ ધરતાને ખર્ચના ખાડામાં તું તાણતી થઇશ તો જરૂર તે માથે હાથ મુકીને "હાય માય એપ્રીલ માર્ત! હાય મારો લગ્નનો દિવસ ! કે જે દહાડે મને મુર્ખો બનાવવામાં આવ્યો હતો !" એવી હાય મારશે, જેમ ૧ લી એપ્રીલે લોકો કોઇ કોઇને મુર્ખા બનાવે છે, તેમ લગ્નની સવારે લોકો વરરાજાને મુર્ખા બનાવે છે.

તું કદાચ ઘડીભર એવું વમાસશે, કે "એક જરા ચટક કોઇનું કપ લીધાથી, કોઇ કોઇવાર જરા છુટે હાથે ખરચ કીધાથી, એક જરા સ્વાદિષ્ટ

પકવાનો ખાવાથી, કોઈ કોઇવાર એક જરા ઉંચા કપડાં ખરીદવાથી. એક જરા વાર તહેવારે જીયાફત કે મેજમાની ઉડાવ્યાથી; જરા સીનેમામાં ગયાથી કે જરા કોઇ કોઇવાર તહેવારે નાટકમાં જવાથી કે આઇસક્રીમ ખાધાથી કાંઇ ઘણીને દેવાળું નીકળવાનું નથી, તેને શું? જરા મળે નહીં ને મોજ તો કરી લઇએ!" પરંતુ આમ જરા-જરા કર્યાથી જરા વાલ જરા વાલ કર્યાથી, જરા લાગુ પડીને મોટા ખોડ પડે છે, દીકરી ત્હારે સાસરેના નાના ખર્ચોથીજ તું ચોકેલી રહેજે, વહાણમાં એક "ન્હાનું ગાબડું" પડયું હોય તેજ આખા વહાણને ડુબાડે છે એ ખુબ યાદ રાખજે, જે વહુ સ્વાદિષ્ટ, રૂચીકર, મનને ભાવતું મિષ્ટ સ્વાદ લઇ લઈને ચાટે છે. તે પોતાનાં સાસરાને વહેલું ભિખ માંગતું કરી મેલે છે, મુર્ખાઓ મેજબાની તૈયાર કરે છે, ને તેનો સ્વાદ તો ડહ્યાઓ ચાખે છે.

જેણે જીભનો સ્વાદ અને ઘણું લવલવ ટવટવ કરવું, એ બન્નેને તાબે કીધાં, તે સારી પૃથ્વીને વશ કરી શકે છે, અને જીભ માગે તેવું બસ ખા—ખા કર્યા કીધું; તે જીભનો ગુલામ થાય છે, તેને સંતાપ થયાજ કરવાનો, એવું ડાહયા ચતુર લોકોનું કહેવું છે, સુંદર ફનીચર અને આંખે ઉડી વળગે એવાં રમકડાં તથા હાંડી આરસી ખરીદી લાવીને તું તેને માલમતા કરીને કહે છે, પરંતું યાદ રાખજે દીકરી કે તેજ ત્હારો કહેતા ખરાબખાસ્તા કરનારો ખતા છે, તને લાગશે કે આ માલની અસલ કીંમત કરતા બહુજ સસ્તો માલ ખરીદી કરવાનો હું ભાગ્યશાળી થઇ, પરંતુ યાદ રાખજે, મ્હારી ડાહી દીકરી, કે તેજ સસ્તો માલ વગર જરૂરે ને વગર ઉપયોગનો તેં ખરીદ કર્યો તે એટલો તો મોંઘો પડશે કે તે વાવી નાખવા માટે પાછળથી તુંજ પોતાને અભાગણી કહેશે કેમકે જે સસ્તી કિંમતે તુ લાવી હશે તેના કરતાં પણ બહુ ઓછી કિંમતે, પાણીના મુલે તને તે વેચી કાઢવાનો નબળો વખત પણ આવશે. સુરતમાં જ્યારે મુસલમીન ભાઇઓની મીલકતો પારસીઓએ સસ્તી કિંમતે દમ બાંધીને ખરીદવા માંડી, ત્યારે મુસલમીનોએ નવાબ સાહેબની આગળ બળાપો કીધો કે "સાલે સબ કૌવે લોક દીનદ્દાર લોગોંકી મીલકત ખરીદ કરતે જાતે હંય, દેખો સાબ. કયા ગજબ હુવા!" ત્યારે નવાબે કહ્યું "દીનદારો અલ્લાતાલાકી શુકર ગુજારી કરો, કે તુમારી મીલકત બીક જાતી હય, વો લેનેવાલા કોઇ ખરીદદારભી પર મીલતા હય, વલેકીન વો કુફર લોકકી મીલકત બેચનેકો જબ બુરા વકત આવેગા, તબ ખરીદ કરનેવાલાભી કોઈ નહીં મીલેગા," માટે હે બેટી, તને હાજત નથી, જરૂર નથી, તો પણ સસ્તી છે તેથીજ કોઇ વસ્તુ તું ખરીદ કરશે તો પછી તને ખાસ હાજત ને ખાસ જરૂ-

ઇસ્લામ રોશની ઇ.
લોક લાઈબ્રેરી
ભાઈ આમદાણી
માળીયા (મીયાણા)

રની વસ્તુ પણ ખરી હાજતની વખતે વેચી નાખવી પડશે.

કહેવત છે કે, બાપવખી દીકરી કદી પીએ નહીં ઝેર, હે દીકરી! હું તને જે જે શીખામણો દઉં છું તેને તું બાપવખી દીકરી, બાપનુ કહ્યું ખરૂંજ માનીને વર્તજે. તેમાંજ ઊંડા ભેદભરમ સમાયલાછે, માબાપે કહ્યું તે ખુદાએ કહ્યું એમજ સમજવું, પેલી બાપવખી બસી દીકરીની વાત કહું તે સાંભળ, બસી એ બથ્નલ ગ્રીનના એક ભીખારી બાપની બેટી હતી, છતાં તેણી બહુ રૂપાળી હોવાથી તેણીના ઊપર ચાર ચાર ઉમેદવારો આશક પડયા હતા; અને તેણીનો હાથ જ્યાં સુધી નહીં મળ્યો ત્યાં સુધી "દુન્યાના ચાર દુઃખયારા" કહેવાતા હતા! તેઓમાં એક નાઇટ હતો, એક શ્રીમંતનો દીકરો હતો, એકતો લંડનનો શાહ સોદાગર હતો, અને એક રોમફર્ડના વિસીવાળાનો છોકરો હતો સર્વ ઉમેદવારોને બસી બેટી કહે કહે ને એમજ કહે કે, "બેથ્નલ ગ્રીનના આંધળા ભિક્ષુક. મ્હારા માનવંત પીતાજીની ખુશી મંજુરી લાવો, તો હું પાણી ગ્રહણ કરૂં!" આ માગણી થતા ત્રણ ઉમરાવ બેટાઓનુ પાણીજ ઊતરી જતું, તેઓ કુગાઈ કુગાઈને નિરાશ રહેતા, પરંતુ એક ઉમેદવાર જે નાઇટ હતો, તેને પોતાના પ્યારની આગળ આ માગણી ચાનક લગાડનારી વટીક જણાઇ નહી તે આંધળા ભીખારી આગળ જ્યારે પરવાનગી લેવા ગયો ત્યારે સર્વની અજાયબી વચ્ચે તેણે પોતાની દીકરીની રીતમાં ૪૫૦૦૦ રૂપીયા જેટલી રકમ કાઢી આપી અને લગ્ન વખતે પહેરવાને માટે રૂ. ૧૫૦૦ નો તો ગાઉન અપાવ્યો ?! જ્યારે લગ્નનુ ખાણુ થયું ત્યારે એ આંધળા ભિક્ષુકે સલાસતી લેવાડતા જાહેર કીધું કે "હું તો સર સાઇમાન ડી માટફર્ડનો બેટો અને વારસ થાઉ છું! ઈવ-શેમની લડાઈમાં સઘળા બરનોનો નાશ કરવામાં આવ્યો અને માટફર્ટ પણ મરાયો, અને મને પોતાને પણ મુએલા સિપાહ તરીકે લેખી રણસંગ્રામમાં છોડી દેવમાં આવ્યો, એક બરનની છોકરીએ મને ઓળખી કાઢયો. સંભાળથી મ્હારી સારવાર કીધી, અને તેણી મ્હારી જોડે પરણી, અમારા તે લગ્નનું ફળ, તે આ મ્હારી વ્હાલી ખુબસુરત સુંદરી બસી છે? હું હેનરી ડી માટફાર્ટ છુ, પરંતુ રાજા હેનરીના જાસુસોના પંજામાંથી છટકી જવા સારૂ મેં આંધળાભિ-ખારીનો વેષ લીધો હતો, મગર ઉમદા ઝાડનું ઉમદા ફળ પોતાની મિઠાશ બતાવ્યા વિના રહેતું નથી. આ મ્હારી બાપવખી ડાહી દીકરી જેને હાથ જાય છે તેને ત્યાં પોતાના મિઠાશ જરૂર ચખાડશે?,,

હે મારી બાપવખી ડાહી દીકરી ? તું પણ જે ઘરે ગઈ છે ત્યાં ત્હારો ઉમરાવી મિઠાશ ચખાડજે, ત્હારા બુઢા અનુભવી બાપનીજ શિખામણ પ્રમાણે સાસરૂં શોભાવજે. ફીરદોસી શાયરની નસિહત યાદ રાખજે કે—

ઙરાં કસ કે યકુ રૂઝ આયદ બ પીશ*
બેરદમંદી ઉરા બુવદ નીઝ બીશ*

ત્હારા કરતાં ઉમરમાં એક દિવસ પણ વડું હોય તે ત્હારા કરતા વધારે અનુભવી ને ડાહ્યું છે, એમ સમજી તેની શિખામણ માની તેને માન આપવું, જા દીકરી સાસરે, પાછી આવીશ ત્યારે બીજું કહીશ.

# જરૂરી ખાસ ખુલાસા.

વ્હાલા બીરાદરો બલકે સરતાજોને અરજ કે હાલમાં બીરાદરોને ઉશ્કેરતા કોઈ તરફથી યુકતી રચવામાં આવી છે, તેથી તેનો તથા કોઇ દોસ્તની શંકાનો, તથા કોઇ વીરોધીનાએ અતેરાજોના નામ વીના ફકત ખુલાસા પેશ કરવામાં આવે છે—

૧–બીરાદરોને ઉશ્કેરવામાં આવે છે કે જેઓ ખુદાની રહમતે પહોંચ્યા. તેઓ મુસાવાત વીશે જાણતા ન હતા; તેથો હાજી નાજીએ છાપેલા આલીમોના ફતવા મુજબ એ બીચારા અધુરા ઇમાનમાં રહીને શું ગુજરી ગયા? ઈત્યાદી, તો આના જવાબમાં જાણવું કે આપણા બીરાદરો બલકે તમામ ઈસ્નાઅશરીઓ એમજ એઅતેકાદ ધરાવે છે કે હ૦મોહમ્મદ સ૦ તથા જ? અલી અ૦ એક નુરછે, એક નબી, તો બીજા વસી અને વલી, તેથી તેમને તાબેછે, બાકી એ નુરે ખુદા તમામ કમાલાતમાં સરખાછે; તો ખુદાની રહમતે પહોંચ્યા તેઓ તથા જેઓ એમજ માનેછે, તેમનું ઇમાન નાકીસ નથી. અને એજ મતલબ વીશે જુઓ વીસ વરસ પહેલાં અમોએ તફસીર લખી તેના પહેલા ભાગમાં અનફોસના આયતની તફસીર પેજ ૨૬૧-માં લખીછે તેમાં નીચે મુજબ અમે લખેલ છે.

“અને હ૦ અલી અ૦ હ૦ રસુલેખુદા સ૦ના નફસ છે તેથી નોબુવ્વત શીવાય જે જે ફઝીલત જનાબે રસુલેખુદા સ૦ને હતી, તે તે ફઝીલત પણ હ૦ અલી અ૦ને છે, હઝરત રસુલેખુદા સ૦એ ફરમાવ્યું છે કે હું અને અલી એક નુરથી પયદા થયા છીએ અને તમામ માણસો જુદા જુદા ઝાડથી પયદા થયાં છે, અને હું તથા અલી એક ઝાડથી પયદા થયા છીએ, અને આપે ફરમાવ્યું છે કે યા અલી તમારો ગોશ્ત તે મારો ગોશ્ત છે, તમારૂં ખુન તે મારૂં ખુન છે.”

તો એ મુજબ અસલથીજ સર્વે માન્ય રાખેછે, તો તેમાં ‘મુસાવાત’

શબ્દ નથી; બાકી મતલબ એકજ છે, તો અવા એઅતેકાદવાળાના ઇમાન માટે ચુનો ચરા કરવી નકામીછે.

હવે હાલમાં જયારે તેની છેડ છાડ થઇ અને અમારી ભુલ પકડવા વીરોધીને બીજું કાંઇ સઝયું નહીં, ત્યારે એ મહાન બાબતમાં નાહક માથું મારયું, ત્યારે અમારે ચોખવટ કરવી પડી, આલીમોના લખાણ, મત, ટાંકીને જાહેર કરવું પડયું કે એ એઅતેકાદ રાખે નહીં તે નાકીસુલ ઇમાન અને શીઆહ મઝહબથી ખારીજછે.

તો હવે એવી ચોખવટ થયા પછી જાણી બુઝીને ફકત હઠધર્મીથી જે માન્ય રાખે નહીં તેજ એવા ગણાશે, બીજાને લેવાદેવા નથી, તેમજ જેમને પોતાના માન્ય રાખેલા ખાસ આલમાના કોલથી એ વાતનો મત ન થાય તો તેઓ ઠપકાને પાત્ર નથી, બાકી ખાત્રી થવા છતા હઠ ધર્મી કરે તે જુદી વાત છે, જેમકે હ૦રસુલેખુદા સ૦મે ખુદાએ તઆલાના સખત તાકીદ ભરેલા હુકમથી ગદીરે ખુમમાં હ૦અલીઅ૦ને તમામ જહાંનના વલી અને બાદશાહ તથા ઇમામ નેમ્યા, ત્યારે ખુદાએ ફરમાવ્યું કે આજે દીન કામીલ થયું, તો તેની પહેલે મરનારાનું શું?! તો અલ્લાહ આદીલછે તે બેહતર બદલો આપનારછે, પણ જાણી બુઝીને હઠ ધર્મી કરનાર માટે વબાલછે; જુવો એજ બાબત વીશે જયારે ચારે તરફ ખબર પડી, અને હ૦ રસુલે ખુદા સ૦ મદીનામાં ગયા ત્યારે હારીસ બીન નોઅમાન ફેહરીએ આપને કહયું કે અમોએ ઇસ્લામની તમામ બાબતો માન્ય રાખી; પણ હ૦ અલી અ૦ને તમારી જેમ અમારા મવલા અને હાકીમ માન્ય રાખી શકતા નથી, તો આપે ફરમાવ્યું કે હ૦અલીઅ૦ને ખુદાના હુકમથી મેં હાકીમ નેમ્યાછે, તો તેણે ખુદાને કહયું કે હે અલ્લાહ અગર તારો રસુલ સાચુ કહેતો હોય તો હું અલીનો એ મહાન મરતબો જોઇ શકતો નથી, માટે મારા ઊપર આસમાનથી અઝાબ મોકલ કે ઠેકાણે પડી જાઊં! એમ કહેછે ત્યાં તરતજ આસમાનથી વીજળી પડીને તે જહન્નમ વાસીલ થઇ ગયો, જુવો ગુજરાતી તફસીર "અનવારૂલ બયાન" ભાગ પહેલો પેજ ૪૯૭.

એ પણ ધ્યાનમાં રહેકે હકીકી રીતે ઇમાનમાં કામીલ થવું તે બહુજ મુશકીલમાં મુશકીલ છે કેમકે ઇમાનના દસ દરજા છે, અને તે દસમાં દરજા સુધી ફકત જનાબે સલમાને ફારસી પહોંચ્યા હતા, તેથીજ તેમને "કામેલુલઇમાન"નો ખીતાબ મળ્યો; તે પછી જ૦ અબાઝર નવમે દરજે પહોંચ્યા હતા, અને એ નવકે દસમે દરજે અલ્લાહના બંદા કેટલાક પહોંચ્યા હશે. પણ કોણ કોણ તેની મને ખબર નથી; મારા જેવાને ઇમાનના પહેલા દરજામાં અલ્લાહ પહોંચાડે તો હું ગનીમત માનું, પણ એવા મારા નસીબ કયાંથી?!

અલ્લાહુ-એ મવલા અને આકા જનાબે હૈદરે કર્રાર અ૦ના ગુલામોન. ગુલામમાં ગણે તો પણ ફખર સમજીશ. સુન્નત જમાતના મહાન અવલીયા જ૦ નીઝામુદ્દીન સાહેબે બાર ઇમામ અ૦ની શાનમાં એક કસીદો એવો ઉમદા લખ્યો છે કે તેની જેટલી તાઅરીફ લખીયે થોડી છે, તેમાં છેલ્લે લખે છે કે—

નીઝામુદ્દીં હયા દારદ, કે ગુયદ બંદએ શાહમ,
વલેકીન કુમ્બરે ઊરા, કમીના એક ગદાબાશમ*

એટલે હું નીઝામુદ્દીન એ શહનશાહ જનાબે અલીએ મુર્તુઝાનો પોતાને ગુલામ કહું તેથી પણ મને શરમ થાય છે, પણ હું તો તેમના ગુલામ કમ્બરનો એક કમીના ગદો છું.

૨-કોઇ પુછે છે કે મુસાવાતની ચર્ચાનો હેતુ શો છે? એજ કે આપણે હ૦ અમીર અ૦ તથા જનાબે રસુલેખુદા સ૦ને "કમા હકકહુ" (જે હકકે ઓળખવા જોઇએ તે હકકે) ઓળખીએ, જે આપણે રસુલે મકબુલ સ૦ની હદીસ મુજબ ઓળખી શકતા નથી, કારણકે આં હઝરત સ૦મે ઇરશાદ ફરમાવ્યું છે કે હ૦ અમીર અ૦ને 'કમાહકકહુ' મારા અને ખુદા શીવાય બીજો કોઇ ઓળખી શકયો નથી ત્યારે તો આપણે તેમ કરવા જઇએ તો શું આં હઝરત સ૦ની મુખાલેફત ન થઇ કહેવાશે?

તો આ વીશે જાણવું કે મુસાવાતની ચર્ચાથી 'કમાહકકહુ' માઅરેફત મેળવવાનો મતલબ છે તેમ કોઇ પણ કહી શકે નહીં; પણ તેનો મતલબ હરેક અકકલવાળો એમજ સમજે છે કે જનાબે અમીર અ૦ના મહાન ફઝાએલ કે તેઓ નોબુવ્વત શીવાય ઇલ્મ ઇસ્મત અને નૂર વી૦માં હ૦ રસુલેખુદા સ૦ની સાથે મુસાવી છે એ મહાન માઅરેફત મેળવવાનો મતલબ છે, અહલેબયત અ૦ના ફઝાએલ જ્યારે બેશુમાર છે ત્યારે તેમાંના વધારે અને વધારે ઉમદા ફઝાએલ જાણવા અને જણાવવા તેથી એ હ૦ રસુલેખુદા સ૦ની હદીસની મુખાલેફતને બદલે તેમની એન ખુશનુદી અને તાબેદારી હોવાનું સાબીત થાય છે, અને જો તેમાં કાંઇ પણ કહી ન શકાતુ હોય તો પછી હ૦ રસુલેખુદા સ૦ને હ૦ અલી અ૦ કરતા અફઝલ કહેવા તે પણ એ હઝરતની મુખાલેફત ગણાય, પણ જે કારણથી તેમને અફઝલ કહેવા મુખાલેફત નથી તેજ કારણથી આમાં પણ મુખાલેફત નહીં ગણાય, અને તે એજ કારણ છે કે હદીસોથી હ૦ રસુલ સ૦નુ અફઝલ હોવું સાબીત છે; તેમજ આયતો અને હદીસોથી હ૦ અલી અ૦નુ નોબુવ્વત શીવાય મુસાવી હોવુ સાબીતછે; અને મજકુર હદીસથી પણ સાબીત છે, કે હ૦ રસુલેખુદા સ૦ને ખુદા તથા હ૦ અલી અ૦ શીવાય કોઇ ઓળખી શકતુ નથી, તેજ મુજબ હ૦ અલી અ૦ને પણ ખુદા તથા હ૦રસુલ

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજી ... ઈ મામદાણી
માળીયા (મીંયાણા)

સ૦ શીવાય કોઇ ઓળખી શકતુ નથી, પણ તેમની માઅરેફત કેવીં રાખવી તે એ મૌલાએ પોતેજ જ૦ સલમાન અને જ૦ અબાઝરને ફરમાવેલ છે, તે આ અંકમાં યદુલ્લાહમાં માંઅરેફતે અઇમ્માહ વાંચો.

૩-કોઇ પુછે છે કે જે આલીમો હ૦ અલી અ૦એ ફરમાવેલી બાબત લખે કે તેમણેફરમાવ્યું કે હું હ૦ મોહમ્મદ સ૦નો ગુલામ છું; તો તમો (હાજી નાજીના) મત પ્રમાણે તેઓ એ મવલાની શું બેઅદબી કરે છે? તો આ વિશે જાણવું કે દરેક બાબત કયા મવકા ઊપર લખાણી છે તે જોવાનુ છે, જો હ૦ રસુલેખુદા સ૦ની બુઝુરગી બતાવા કે હ૦ અલી અ૦ની નમ્રતા બતાવા કોઇ મવકે કોઇ લખે તો તેમાં હરકત નથી. અમોએ પણ એવે મવકે લખેલ છે, જોકે એ હદીસને કેટલાંક મોટા મોટા ઓલમા મોઅતબર ગણુતા નથી; અને લખે છે તેઓ મજકુર મવકે લખેછે. અને એના અર્થ આપણી ભાશામાં જે ગુલામ થાય છે તેમ નથીં, એના અર્થ એન ફરમાબરદારી કરવાના થાય છે, પણ હ૦ અલી અ૦નો મરતબો ઘટાડવા લખાય નહીં, અને પોતના મતલબના અર્થ કરવા પેશ થાય નહીં; અને જે વિશે જનાબ મૌલાના મુજતહેદ સય્યદ નેઅમતુલ્લાહ જઝાએરી (અ૦મ૦) એ ચોખવટથી જવાબ આપ્યો છે જે ૩૦મી કીતાબના ૭ માં અંકમાં અમોએ દરજ કરેલ છે કે એમ લખવું કે બોલવું જાએઝ નથી તે સમજવા માટે બસ છે.

કોઇ જનાબે ફાતેમાહ અ૦નો મહાન મરતબો જાહેર કરવા લખે કે એ માઅસુમાનો એવો મરતબો હતો કે ખુદાએ હ૦ રસુલેખુદા સ૦ને ફરમાવેલ કે જ૦ ફાતેમાહ અ૦ આવે ત્યારે તેમની તાઅઝીમ કરવી, અને હ૦ રસુલેખુદા સ૦ તાઅઝીમ માટે ઉભા થઇ જતા હતા, તો તે લખવામાં કોઈ હરકત નથી, પણ કોઇ હ૦ રસુલેખુદા સ૦ તેમનાથી અફઝલ છે તેને ઉડાડી મુકવા દલીલ માટે લખે કે હ૦ રસુલેખુદા સ૦ જ૦ ફાતેમાહ અ૦ની તાઅઝીમ કરતા હતા તેથી આપ અફઝલ ઠરતા નથી તે અક્કલમાં બેસતુ નથી તો આસ લખનાર ઠપકાને પાત્ર છે, તો હ૦ અલી અ૦મે જે શબ્દ એકાદ વખત કહ્યો અને તેને મરતબો ઘટાડવાને ઠેકાણે વાપર્યો અને વારંવાર એજ લખ્યા કરે, તો તે બહુજ ઠપકાને પાત્ર છે.

૪-કોઇ લખે છે કે મુસાવાત માટે કયાં સુધી જંગ કરશો? જેમના મગજમાં "તરજીહે બેલા મુરજ્જહ"ની દલીલ ઠસેલી હોય તે લખનઊના આલીમોના ફતવાને મળતા થાય કેમ?! તો આના જવાબમાં અરજ કે અમો તો બેઇલ્મ છીએ, પણ મહાન આલીમોના કૌલથી એ વીશે સંપુર્ણ અજવાળું પાડયું છે, માટે મોઅમેનોને જે સમજવુ હોય તે સમજે, અમો ઇન્શાઅલ્લાહ

એ ચર્ચાને હવે પછી બંધ કરીશું, એ બંધ કરવાને એટલીજ બાબત બાકી છે કે મારા મીત્ર તેવીશે એક ચોપડી છાપનાર છે, તે છપાએથી તેનો જવાબ બહુજ નમ્રતા, સભ્યતા, અને અઅલા દલીલોથી પ્રગટ કરીને ચુપ થઇ જશું.

પ્ર-૫૬૭ સુંદરાથી શેઠ સુસાભાઇ જાફરભાઇ સુમણ લખે છે કે કી. ૩૧ હીં ૮-માં ફરીમાં સાથે કરબલાનું બયાન નઝમમાં છાપેલ છે, તેમાં હ૦ ઇમામે હુસયન અ૦ કેહતઃ હતા કે "હું મંચ ગીરફતારે હીરસોહવા" તો એ બોલ કેવો છે? જોકે આજેઝી સાથે કહેવાનુ શાએરે નઝમમાં કહેલ છે પણ ઇમામો હીરસો હવામાં ગીરફતાર હોવાનુ કહે એ બરાબર છે કે? અને તો એ બોલ ઠીક જણાતો નથી, છાપતી વખતે એ નઝમ આપના ધ્યાન બાર રહી ગયેલ છે કે કેમ? કે એમાં વાંધા જેવુ નથી તે જરા ખુલાસાથી જણાવશો. તો આના જવાબમાં જાણવું કે એ નઝમ આવી ત્યારે ઉપર ટપકે જોઇ અને એક મોઅમીન બીરાદરની મોકલેલી તેથી મુન્શીને સુધારીને છાપવા કહેલ; પણ આપના લખવાશી ખ્યાલમાં આવ્યું આપનુ લખવું વાજબી છે. હું એવો નમ્રતાના શબ્દો ઇમામની શાનથી ખીલાફ માનુંછું. માટે ખુદા પાસે એ ગફલતની માફી ચાહી આપનુ એહસાન માનું છું. અને બાકીનો ભાગ પ્રગટ કરવામાં નહીં આવે. અને આપનું નામ પણ જાહેર કર્યું છે ખુદા જઝાએ ખયર અતા ફરમાવે. નાજી.

## ઉરદુ હરફની ઉમદા કીતાબ.

ઉરદુ હરફ અને ઉરદુ ભાષામાં એક સુન્ની મોલવી સાહેબે ઘણે ભાગે સુન્નત જમાતની મોઅતબર કીતાબોથી હ૦ અલી અ૦ની સવાનેહે ઉમરી (જીવન ચરીત્ર) એવી રીતે લખેલ છે કે કોઇ જરૂરી બાબત બાકી રાખી નથી, આપની વીલાદતથી તે શહાદત સુધી આપના નામ મુબારક, તથા રાખવાનું કારણ તેના અર્થ, આપની શાનમાં કુરઆનની આયતો હદીસો, કમાલાત, ફઝાએલ વીગેરે એવી એવી બાબતો લખી છે કે જેના સાંકળ્યાના આઠ પેજછે, એ દર્યાને જાણે કુંજામાં ભર્યો છે છતાં પણ ૭૦૦ સાતસો પેજ થયા છ, શીઆહ અને સુન્ની બન્નેએ વખાણી છે, શીઆહ માટે તો અમુલ્ય મોતી છે, એ એવી પસંદ પડી કે હજારો કાપીઓ ઉપડી ગઇ, બે વખત છપાણી તો પણ ખલાસ થવાથી પંદર રૂપીયે પણ મળતી નહતી, તે ત્રીજી વખત છપાણીછે જેની દસ નકલ અમોએ મંગાવી છે, તેની કીંમત છપાવનારે પુઠા વીનાનીના સાડાચાર, અને પુઠાવાળીના સાડા પાંચ રાખ્યા છે. તેજ કીંમત અમે પણ પુઠાવોના સાડાચાર રાખીને, અમારે ત્યાં પુઠા ઓછી કીંમતે બંધાતા હોવાથી સળંગ છીંટના દસ આના રાખ્યા છે. પોસ્ટેજ જુદું.

ન૦ ક૦ અમોએ મજકુર કીતાબ ગુજરાતી ભાષા અને ગુજરાતી હરફમાં બે વરસથી મોટા ખરચે તરજુમો કરાવી રાખેલછે, અને છાપવાનો વીચાર કરીયે ત્યાં બીજા કામ આવી પડતા, પણ હવે ઇ૦ અહવાલે માઅસુમીનની સાથેજ છાપવી ચાલુ કરીશું.

# બાગેનજાત.

બાગેનજાત ફૈઝદેહે કાએનાત હય=તરના લબોંકે વાસ્તે આબે હયાત હય*
અજરોજઝાકે ગુંન્ચે ખીલેહૈં ગુલે સવાબ=ગુલઝારે આખેરતહૈ યેહ બાગેનજાત હે*

# આખર ઝમાનાના ચીન્હ.

દોસ્ત=કેમ મ્હાગ મહેરબાન હાદી સાહેબ આપની આંખમાંથી ચોધાર આંસુ શામાટે વહે છે? ખુદા નકરે શું કાંઇ માઠા સમાચાર મળ્યા છે?

હાદી=(વધારે રડીને) નહીં ભાઇ સગા વ્હાલા કે દોસ્ત આશના વીશે કાંઇ માઠા સમાચાર મળ્યા નથી, તેમ કાંઇ દુઃખ દર્દ કે બીમારી કે કાંઇ ગુમાઇ જવાની કે નુકશાન થવાની બાબત નથી, પણ કોઇ બીજી બાબત ઉપરથી રડવું આવે છે.

દોસ્ત=કહેવામાં કાંઇ હરકત ન હોય તો ખુલાસાથી કહો.

હાદી=(હુચકે હુચકે રડીને) હાય અફસોસ મારી કમર તુટી ગઇ, બસ મ્હારી આખી જીંદગીની મેહનત બરબાદ થઇ ગઇ. (વળી રડવા લાગ્યા)

દોસ્ત=(આંખોમાં ઝળઝળીયા લાવીને) સાહેબ આપના રડવાથી મ્હારા કલેજાના કટકા થઇ જાયછે, જલદી કહોતો ખરા કે તે શું બાબત છે?

હાદી=ભાઇ કાંઇ કહેવાની વાત નથી, શું કહું? તમારાથી મારૂં દુઃખ ટાળી શકાય તેમ નથી અરે બીરાદર મેં એક ગુજરાતી છાપામાં નીચે મુજબ વાંચ્યું:—

## ઝાડુવાળાઓની જાગ્રુતી.

ધનેશ્વર સ્થાનના ઝાડુવાળાઓની સભાની નવાઇ પમાડનારી ખબરો એક પત્રમાં પ્રગટ થઇ છે તે સભામાં ઝાડુવાળાઓએ એવો ઠરાવ પસાર કર્યો છે કે "આપણે દારૂ પીવાની ટેવ છોડી દેવી સ્વદેશી કપડાં વાપરવા, પરસ્પરના ટંટા ઘર મેળે પતાવવા, જુઠુ નહીં બોલવું, પરસપરમાં ગાળાગાળી નહીં કરવી, જો કોઇ પણ માણસ આ ઠરાવનો ભંગ કરશે તેને પાંચ વરસ સુધી ન્યાત બહાર કરવામાં આવશે, તથા તેના પાસેથી પાંચ રૂપીઆ દંડ લેઇ બઇરાં પાસે પાંચ ફટકા મરાવવામાં આવશે, અને એવા ગુનહા કરનારની ખબર આપનારને ન્યાત સવા રૂપીઆનું ઇનામ આપશે.

**અસ્તુ** આ વાંચ્યું કે દીલ એટલું તો ભરાઇ આવ્યું કે હું પોતાને કાબુમાં રાખી શકયો નહીં, અને ચીસ પાડીને રડયો, કે યા અલ્લાહ ઝાડુ-વાળાઓમાં એવો સંપ, એટલી મક્કમતા, કે શરાબને તજી દેવા કેવી બહાદુરી કરી! અને પોતાની જમાતમાં કેવો સખત બંદોબસ્ત કર્યો કે કોઇ શરાબની દુકાન પાસે પણ જઇ શકશે નહીં!

**પણ** એક આપણી ઈસ્નાઅશરી કોમને જુવો કે સુધારામાં આગળ વધીને હવે વધારે વધવાને બદલે પાછળ હઠતી જાય છે, આગળ વધેલી તેની યાદી—

૧—નમાઝ પડવી ઘણા ભાઇયો અને બાનુઓએ ચાલુ કરી, ૨—રોઝા રાખવા લાગ્યા, ૩—તહારત રાખવા શીખ્યા, ૪—કાફર કે મુશરીકના હાથની ભીની ચીજથી પરહેઝ કરવા લાગ્યા, ૫—બાલાને બદલે બુવા રાખવા લાગ્યા, ૬—મુસલમાનનું વ્યાજ ખાતા અટકયા, ૭—શાદીયોમાં વાજા ગાજા, નાચ, ગીત, વી૦ કામો કરવા મુકી આપ્યા, ૮—પરદાપોશીનો ચાલ વધારવા લાગ્યા. સેંકડે આઠ દસ ટકા ચાદરો થઇ. ૯—મુલાહેઝો; અદબ, શરમ, વધી, ૧૦—ખુમ્સ, ઝકાત: દેવા લાગ્યા, ૧૧—હજ ઝીયારતો માટે જવા લાગ્યા, ૧૨—અઅમાલોની રાત્રે ઇબાદત કરીને જાગવાં લાગ્યા, ૧૩—ગીબત બોહતાનથી છેટે રહેવા લાગ્યા. ૧૪—અવલાદને કુર્આન તેમજ મસાએલ શીખવવા લાગ્યા, ૧૫—બાળકોને અંગ્રેજી કેળવણી સાથે દીની કેળવણી પણ આપવા લાગ્યા, ૧૬—સરકારી દરબારી ઇસ્કોલમાં એકાદ કલાક દીની કેળવણી અપાય એવો ઠરાવ કરાવવો, અને જમાતને ખરચે મોઅલ્લીમને ઇસ્કોલમાં મોકલવો એવો બંદોબસ્ત કરવાની ચરચા ચલાવી, ૧૭—બાળકીયોને બચપણથીજ પરદાપોશીની આદત પાડવી, ૧૮—શાદીયોમાં "સલવાત"ના નાઅરા અને મનકબત પડતા સરઘસ નીકળતું, તેને ઘણાં જણ પસંદ કરીને ખુશીથી તેમાં ભાગ લેતા હતા, અને શયતાની ચરખાવાળા સરઘસમાં જાય તેની હાંસી કરતા, ૧૯—ગીત ગાય તે બાનુઓને બીજી બાનુઓ ઠપકો આપતી, ૨૦—રાત દીવસ ફુરસતને વખતે મસજીદો, ઇમામવાડા વીગેરેમાં મસઅલા મસાએલની પુછપરછ ચાલતી, મતલબકે એવો દોરચાલવા લાગ્યો કે જાણે ઇસ્લામ! ઇસ્લામ!! ઇસ્લામ!!! ચારે તરફ દેખાવા લાગ્યો, એવો દોરદમામ માંડ ત્રણ દાયકા ચાલ્યો.

**પણ** એટલામાં સુધારો સુધારોના બીંગુલ ફુંકાવા લાગ્યા, કેળવણી કેળવણીના બરાડા પાડવા લાગ્યા, પાક નજીસની મશકરી થવા લાગી, ધર્માંધના ખીતાબો મળવા લાગ્યા, શરા વીરૂધ કામોને ઉત્તેજન દેવા લાગ્યા, હરામ કામોથી નફરતને બદલે આંખમીચામણા કરવા લાગ્યા, તેથી મજકુર દીની

બાબતો ઠંડી થતી ગઇ, ઇસ્લામી બાબતો ઘંસાઇ લુંસાઇ જવા લાગી! અને ખુદાએ તો વધારે શુકર કરે વધારે નેક કામ કરે, વધારે ખયરાત કરે, તે માટે નાણાની રેલ છેલ કરી આપી તો તેનો ગેરલાભ લઇને તે શરઇ બાબતોને ડંડા અને સોટા ભઇયા પાસે મરાવીને કાઢી મુકાવી અને શયતાની બાબતોને મુનીમો મોકલીને પધરામણી કરીને માન ઇજ્જતથી લાવ્યા! કે શાદીમાં ગીંઆમાં ઉંચો સુધરેલી ફેશનનો જાળી જેવો પોશાક થા ઘરમાં હોય તેટલા દાગીના પહેરીને ઉભી બજારે ગીત નાઝટોળ કરતીયો નીકળે અને માટીડા તેમને રીઝવવા બેંડ વાજા વીજળીની લાઇટ વીગેરેનો મનમાનતો બંદોબસ્ત કરી આપે છે, અરે નજીસ ચીજો ધમધોકાર વાપરાવા લાગ્યા, મુસલમાનનું ઘી ગળવા છતાં મુશરેકોનુ ઘણા જણ લેવા લાગ્યા, હીંદુ ધોબી પાસે કપડા ધોવરાવી પેહરવા લાગ્યા, તહારતનું નામ નીશાન નાબુદ થવા લાગ્યું, નમાઝને સાત સલામ કરીને રજા આપવા લાગ્યા રોઝાથી તો વાઘથી ભાગે તેમ ભાગવા લાગ્યા, બાળકોને ઇલ્મેદીન શીખવવા મદરેસા ચાલુ કરવા હજારોની રકમો વાપરતા તે બંધ કરવા લાગ્યા, ખુમ્સ અને ઝકાતના નામથી ચીડાવા અને અણગમો રાખવા લાગ્યા, હજ વાજીબ થવા છતાં અદા કરવાને બખાડા કરવા લાગ્યા, મ્હારૂ સાંભળે કોણ! મને ટેકો આપનારની ગેરહાજરી, અને ખરાબ કામમાં ઉત્તેજન આપનારનો ટોટોજ નથી, વળી અવો ઝમાનો તેથી હવે કરવું શું? હાય અફસોસ અરરરરર! બાપરે! જે પઇસાથી ખુદાના તંગદસ્ત બંદાના પેટમાં રોટીના કટકા જાય, તેથી ભુખે મરતા બચે, જે પઇસાથી નવસાને વસ્ત્ર મળે. અને બોચારાઓનું અંગ ઢંકાય, જે પઇસાથી દીન તથા દુન્યાની કેળવણી મળી બાળકો હુશયાર થાય તેને અવા હરામ કામમાં વાપરીને તેની નાશુકરી કરે છે.

દોસ્ત=સાહેબ આપની તમામ વાત ખરી છે, પણ હઝરતની હદીસો છે કે એક ઝમાનો એવો આવશે કે, બાળકો (અથવા બાળક જેવા) મહા વીદવાનનો દેખાવ આપીને મીમબરે બેસશે, શરાની હાંસી કરશે, શરા મુજબ ચાલનારની બેઇજ્જતી કરશે, દીનદારોને તોડી પાડશે, બેદીન ડોળઘાલુને માન આપશે, જુઠા બંડખોરો મુછે તાવ દઇને ફરશે, શરાબ વ્યભીચારની હદ નહીં રહે, મોઅમીનોને ઘરને ખુણે છુપી જવું પડશે, અરે વ્હાલા હાદી શું તમોને ખબર નથી?. હજુ તો હાજીનાજીયે ૨૯ મી સાલના ૭ માં અંકમાં ઇમામે ઝમાન અ૦ના મથળા નીચે હ૦રસુલેખુદા મોહમ્મદેમુસ્તફા સ૦મે છેલા ઝમાનાની રીતભાત જે જનાબે સલમાને ફારસીને કહી તે પ્રગટ કરીછે, તેમાં તમામ બાબતો સાફ સાફછે, આ ઝમાનામાં એમ થનારજ છે, તો તે થવુંજ

જુવે ! માટે અલ્લાહ અલ્લાહ કરીને જે થાય તે નીહાળ્યા કરો ! આ ઝમાનાનું પુર પુરજોશમાં ધુ ધુ કરતું વહી રહ્યું છે ! તે અટકાવી શકાશે નહીં, છતાં એટલી જે આપની દિલસોજી જાહેર થઇ તે ઉપરથી થોડાક જણ પણ નસીહત લેશે તો બસ છે, અને આપને સવાએ અઝીમ થશે; હિદાયતનો અજર મળશે, હુજ્જત તમામ થશે.

**હાદી**=(આંસુઓથી દાઢી પલળી ગઇ હતી તે લુછીને) ઠીક મ્હારા દોસ્ત! તમારો મત સારો છે, બીજો ઇલાજજ નથી, પણ એવો ઝમાનો જોવા કરતાં જો આથી પહેલે મોત આવ્યું હોત તો સારૂં હતું !

**દોસ્ત**=આપ સમજુ થઇને આવા કલામ કહો તે ઠીક નથી, કેમકે ખુદાને ગમ્યું તે સારૂં કે આપણને ગમે તે ? તેણે જેના માટે જે મસલેહત જોઇ તેને તે ઝમાનામાં પૈદા કર્યો, અરે સાહેબ આપણી પાછળવાળાઓ માટે આથી ખરાબ ઝમાનો આવનારછે અને તેઓનાં પાછળવાળાઓ માટે જો કે બહુજ ઉમદા અદલ ઈન્સાફનો ઝમાનો આવશે, પણ તેમાં પહેલે ઇમ્તેહાન થશે, તેમાં પાસ થવું બહુજ મુશ્કીલ છે, કેમકે જ્યારે આ ઝમાનાવાળાને ફકત મનોવિકારનો ભોગ આપવો ભારે પડે છે, એટલે હરામ કામ તજવા અને વાજીબ કામ અદા કરવા તે પહાડ જેવા લાગે છે. અને તે તરફ ઘણા ધ્યાન વટીક આપતા નથી, તો તે ઝમાનામાં જહાદ કરવા જવું પડશે તે કેવી રીતે દીલને સમજાવી શકશે ?! માટે દોઆ કરો કે હરહાલમાં ખુદા પોતાનો ફઝલ કરે, અને આપણ સર્વેને તેના હુકમ ઉપર અમલ કરવાની તૌફીક અતાફરમાવે.

હાદી=બીરાદર આપની વાત હક છે, લ્યો ચાલો જમવાનો વખત થયો છે. માટે જમી લ્યો પછી **મસજીદ**માં નમાઝ પડવા જઇએ.

**પછી** જમી, નમાઝ પડીને પોતા માટે તથા મોઅમેનો માટે નેક દોઆ કરીને પોત પોતાને ઘેર ગયા. **વસ્સલામ.**



# નુરે ઇમાન.

રવશન દિલોંકો કરતા હૈ ઇસકાયે હનુર હૈ=શીઓંકો 'નુરેઇમાંકા' પડહના ઝરૂર હૈ
નાઝીરકા ચેહરા ગૈર તેમા હેમોની રહો=પડહલેજો 'નુરેઇમાં' તો રવશન ઝમીરહો

## આત્મભોગ લખનાર બંદે ખુદા.

"લન તનાલુલ બીર્ર હત્તા તુન્ફેકુ મીમ્મા તોહીબ્બૂન."

ઉપલી આયએ કરીમમા ખુદાવંદે કરીમ ઇરશાદ ફરમાવે છેકે જ્યાં સુધી તમે તમારી પ્રીય વસ્તુને નહીં ખરચો ત્યાં સુધી તમે નેકીને નહીં પોંહચો.

પ્રીય વસ્તુ એટલે જે ચીજને તમે વધુમાં વધુ ચાહો છો તે, અથવા વધુમાં વધુ ચાહી શકો તે; માનવ પ્રકૃતીને ખાસ કરીને હાલના જમાનામાં; કાં દોલત ને માલ, કાં આની સાથેજ રહેતી અથવા આના અંગ રૂપ, ઇજ્જત અને પદવી પ્રીય હોય છે, અથવા જેને આ પ્રીય વસ્તુ હાસલ નથી તો ઓલાદને પ્રીય વસ્તુ માને છે, આપણો પ્રેમ થોડો ઘણો તો અનેક વસ્તુઓ પર હશેજ, કોઇ વખતે તમને કોઇ સારૂ લુગડુ પસંદ આવ્યું અને તેને ચાહીને તમે ખરીદયું જનાએ અમીર અ૦ પેઠે આ પ્રીય થએલ વસ્તુને ખુદાની રાહમાં કોઇને આપી દઇને પોતાના નફસને-પોતાના જીવને વાપર્યો એ કામ ખુદાને પસંદ આવે છે, અને તે કરનાર ભલાઈ પામ્યો, અથવા નેક ભલો ગણાણો, તમારી કને દોલત આવી તેમાંથી માત્ર તમારા ખરચ જોગી રાખી બાકી હાજતમંદોને આપી દીધી, રાહે ખુદામાં ખરચી તે પ્રીય વસ્તુ દોલતથી જુદા પાડયા, તેપણ તમારી નેકીનુ એક કારણ થયું.

તમારી ઓલાદમાંથી એકાદ અથવા એક જે એક ઓલાદ ભરજવાન વયે જેહાદમાં કપાઇ ગઇ તે ઓલાદનો "ખરચ" તમને નેકી આપી ગયો, તેજ પ્રમાણે ઇજ્જત "પોજીશન"નો ભોગ ખુદાની રાહમા આપવો, તેપણ નેકીનુ કારણ છે, પોજીશનનો ભોગ એટલે શું? એમ તમે કદાચ પુછશો; તમારા ઓળખીતા અથવા અજાણ્યા મોમીનભાઈને ત્યાં કોઈ કારજ આવ્યું જ્યાં મોટરકારવાલાતો નહીંજ પણ ઘોડાગાડીવાળાઓ પણ નહીં મળે, ગરીબ ઝુપડીમાં, ગરીબ મોહલ્લામાં; ગરીબ સગાઓ ગરીબ મીત્રોની હાજરીમાં તે મોમીનભાઇના ફરઝંદની શાદી થતી હોય, તમે માલેકે માલ હો મોટરકાર

વાળા નહીં તો ગાડીવાળા હો અને તમોને તે ગરીબ-બાપીને આમંત્રણ કર્યું હોય અને તમે તેના "ઘરની શોભામાં વધારો કરશો" તેવી તેણે આશા રાખી હોય તે વખતે તમે તમારી 'પોઝીશન'ને બાજુએ તાક રાખીને ગરીબ લોગા ગરીબ બનીને ગરીબના ઘરમાં જાઓ અને તેના મંગળ કાર્યમાં તમે પણ હાજરીન પેઠે ખુશી મનાવો, તો તે પણ પોઝીશનના ભોગે નેકી તેવીજ રીતે કોઈ ગરીબ ભાઈને "કુલ્લો મોઅમેનીન ઈખવાન" લક્ષમાં રાખીને તે માંદો હોયતો તેના ગરીબ ઘરમાં જઈને તેની કુરસીની ગેરહાજરીમાં તેના પલંગ અથવા ખાટલાની ગેરહાજરીમાં તેની પથારીપર બેસી માત્ર તેને બે બોલ હીમ્મતના ધીરજના સંભળાવી તેની બીમારીમાં દીલસોજી દેખાડો તો તેપણ પોઝીશનના ભોગે નેકી, આગળ ચાલતા તેવાજ કોઈ ગરીબ ભાઈને ત્યાં થયેલા મઈયતમાં તમે હાજરી આપો તેપણ નેકીજ, જો કે આ નેકી ફરજ ને જુદા સાથે રહેલી છે.

